Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૭ • વર્ષ : ૮૦ • ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026



# અનુક્રમણિકા

અંક–૭ ● વર્ષ : ૮૦
૧૦ ઓક્ટોબર, ૨૦૨૬

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

**સંપાદક મંડળ**

✻ ઘનશ્યામભાઈ એચ. અમીન
✻ ભીખાભાઈ ઝ. પટેલ

✻ વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
✻ છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :
**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**
સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

✻ ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
✻ ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
✻ website : www.gujaratscu.com
✻ E-mail : sahakarguj1850@gmail.com

ઉત્સાહ – જીવન ચાલક બળ, જીવનરસ
– શ્રી નવીન વી. વાછાણી ૩

ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ
સહકારથી સમૃદ્ધિ ભારત બીજ સાથે
– ડૉ.વી. એમ. ચૌધરી ૬

સહકારી ક્ષેત્રમાં સ્કીલ્ડ ઈન્ડિયાના
લાભ મળવા જરૂરી
– પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી ૧૩

ગ્રાહક સુરક્ષા ધારો (૧૯૮૬)
– શ્રી વિનોદ એન. પટેલ ૧૫

સાધનાની પૂર્ણાહુતિ એટલે સમાધિ
– શ્રી કિરણ ચાંપાનેરી (યોગ સાધક) ૨૦

ભારતના સહકારી દૂધ ક્ષેત્રમાં
શ્વેતક્રાંતિ બાદ હવે, “AI ક્રાંતિ” નો સૂર્યોદય
– શ્રી ધર્મેશભાઈ એમ. દવે ૨૨

સહકારી મંડળીએ લેવાનાં પગલાંઓ
– શ્રી એસ. પી. ઠાકર ૨૮

ગ્રામવિકાસના શિલ્પી
ડૉ. એમ. એસ. સ્વામીનાથન
– મહેશ. સી. વાઘેલા ૩૧

વિજય – તંદુરસ્તી
– શ્રી હસમુખ રામદેપુત્રા ૩૪

## ગ્રામસ્વરાજ

✻ દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
✻ નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
✻ છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
✻ ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે ‘ગ્રામસ્વરાજ’ મોકલવામાં આવે છે.
✻ ‘ગ્રામસ્વરાજ’ માસિક તથા ‘સહકાર’ પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
✻ રાજ્ય સહકારી સંઘના સભાસદોને “ગ્રામસ્વરાજ” તથા ‘સહકાર’ વિના લવાજમે મોકલવામાં આવે છે.

ચિંતન

# ઉત્સાહ - જીવન ચાલક બળ, જીવનરસ

કેટલાક માણસો સવારે જાગે ત્યારે જ થાકી ગયા હોય છે, અને એમની સામે કામનો આખો દિવસ પડ્યો હોય છે. આવા થાકેલા માણસો કામ કરે છે પણ એ કામમાં કોઈ ભલીવાર હોતો નથી, એટલુંજ નહિ કામ કરવાથી આવા માણસો વધારેને વધારે થાકી જાય છે. એક સંસ્કૃત કવિએ કહ્યું છે, કે 'પ્રભુ!, તું મને નિરુત્સાહી અને સોગિયા માણસોને પનારે ક્યારેય પાડીશ નહિ!' કેમકે નિરુત્સાહી માણસો આળસુ, નબળા મનના, નિરાશામય અને દઢ સંકલ્પ વગરના હોય છે. સાચે જ કેટલાક મનુષ્યોનું જીવન ઉત્સાહથી ભરપૂર હોય છે, તો કેટલાકનું આળસથી. ઉત્સાહ એ નાચતું, ગાતું, ઊછળતું, કૂદતું એક ગતિશીલ જીવન ઝરણું છે. એના થનગનાટમાં દુઃખના પહાડ પીગળી જાય છે, નિરાશાના સૂર ઓગળી જાય છે. ઉત્સાહ એક અદ્‌ભૂત રસાયણ પણ છે કે જેના સંસર્ગમાં આવે એને બદલી નાખે છે. એનો કાયાકલ્પ કરી દે છે. ઉત્સાહ અન્યમાં ઉત્સાહ પ્રેરે છે, જ્યારે નિરુત્સાહી અન્યને નિરાશ કરે છે. ઉત્સાહના ઝરણામાંથી જીવનનું મધુર સંગીત ઉત્પન્ન થાય છે. જે માનવી અંતરના ઉત્સાહથી કાર્ય કરે છે તે સફળતા તરફ સતત આગળ વધતો રહે છે.

**નવીન વી. વાછાણી**
૪૦૧- ચોકલેટ કોર્નર એપાર્ટમેન્ટ,
અંબિકા ટાઉનશીપ મેઈનરોડ, કેવલમ રેસિડેન્સી
નજીક, પોસ્ટ ઓફિસ, મોટા મવા, રાજકોટ
મો. ૯૯૭૪૬૯૯૧૭

ઉત્સાહ એટલે આપણાં કાર્યમાં આપણી શ્રદ્ધા અને પ્રેમ. પછી એ કામ ગમે તે પ્રકારનું હોય, ઓફિસમાં હિસાબ રાખવાનું હોય કે ખેતીનું કોઈ કામ હોય કે પછી રોજિંદુ ગૃહિણીનું ઘરકામ હોય. કામ નાનું હોય કે મોટું, નજીવું હોય કે મહત્વનું, પણ ઉત્સાહથી થનગનતો માનવી માટે કામ રમત અને આનંદના ભાગરૂપ હોય છે. એ કામ ગમે તેટલું મુશ્કેલ હોય તો પણ એ તો દિલના પૂરેપૂરા ઉત્સાહ અને લગનથી કાર્ય કરવા લાગી જાય છે ને તે કાર્યને સમયસર સફળતાસહ પૂર્ણ કરે છે. ઉત્સાહ કાર્યનો પ્રાણ છે. ઉત્સાહ ન હોય તો કોઈ કાર્ય સમયસર પૂર્ણ થતું નથી. એક કલાકના કામમાં કલાકો વીતી જાય છે. કામમાં આનંદ આવતો નથી અને કામ બગડે છે. આ આપણા બધાનો અનુભવ છે. ઉત્સાહ વિના થતી જીવનની કોઈ પણ ક્રિયા નિર્જીવ અને નિરર્થક હોય છે.

ઉત્સાહ એ જીવનનું ચાલક બળ છે, તે જીવનને સતત કાર્યશીલ અને જીવંત રાખે છે.

આજકાલ વ્યવસ્થાપનના શાસ્ત્રમાં એક શબ્દ 'MOTIVATION' અર્થાત ઉત્સાહ બહુ મહત્વનો છે. જીવનના વિવિધ ક્ષેત્રોમાં, કારખાનાઓમાં, બેંકોમાં, કાર્યાલયોમાં, સરકારી કચેરીઓમાં કર્મચારીઓનો ઉત્સાહ વધારવા માટે પ્રશિક્ષણ અપાય છે, કરોડોના ખર્ચ કરાય છે. પણ ઉત્સાહ વધતો-વર્તાતો નથી. ઉત્સાહનો અભાવ અનેકોના મનમાં ચિંતા ઉપજાવે છે. ઉત્સાહ તો સ્વપ્રકાશિત સૂર્ય જેવો સ્વયંભૂ હોય છે. બહુ થોડા માણસોમાં આવો ઉત્સાહ હોય છે. એની પાછળ કોઈ મજબૂત પ્રેરણાબિંદુ કારણભૂત હોય છે. સ્વામી વિવેકાનંદ ઉત્સાહનું ઝરણું જ નહી, ધસમસતો પ્રવાહ હતા. એમની પ્રેરણાનું બિન્દુ હતું... 'ભારત માતા'. એ પ્રેરણાના બળ વડે જ તેઓ શિકાગોમાં વિશ્વ પ્રસિદ્ધ વ્યાખ્યાન આપી શક્યા હતા. નેપોલિયનના અસંખ્ય વિજયોનું કારણ હતું - એનો પોતાનો અને એની સેનાનો ઉત્સાહ, એટલે તે ક્યારેય નિષ્ફળ નીવડ્યા ન હતા. સોક્રેટિસ, મહાત્મા ટોલ્સટોય, વિક્ટર હ્યુગો આ બધા ચિંતકો મોટી ઉંમરે પણ એંસી વર્ષ પછી મૃત્યુપર્યંત લખતા રહ્યા - તેનું કારણ તેમનો ઉત્સાહ હતો. મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ જેવા અનેક દેશપ્રેમીઓ ક્યારેય થાક્યા નહોતા, કારણકે તેમનામાં દેશસેવા કરવા માટેનો ઉત્સાહ અમાપ હતો.

જગતમાં સૌથી મોટી દેવાળિયા તે જેણે પોતાનો ઉત્સાહ ગુમાવી દીધો છે. મનુષ્યે ભલે બધું કંઈ ગુમાવ્યું હોય પણ જો તેણે ઉત્સાહ ગુમાવ્યો ન હોય તો તે મુસીબતોનો સામનો કરીને સફળતા પ્રાપ્ત કરી શકે છે. ઉત્સાહ, શક્તિ અને તાજગી ટકાવી રાખનાર વ્યક્તિ પર વૃદ્ધાવસ્થાની પણ કોઈ અસર થતી નથી. નાના-મોટા દરેક મનુષ્યમાં નવું જાણવાની જિજ્ઞાસા અને ઉત્સાહ જીવનના અંતિમ ક્ષણ સુધી રહેવા જોઈએ. ઘણા મનુષ્યો સિત્તેર વર્ષ પછી પણ કામ ઉત્સાહપૂર્વક કરે છે, જ્યારે કેટલાંક ત્રીસ વર્ષની યુવાનવયે પણ કામનો ભાર અનુભવે છે. કેટલાક અઢાર-વીસ કલાક કામ કરીને પણ તાજગી અનુભવે છે, જ્યારે કેટલાક ત્રણ-ચાર કલાકના કામમાં જ થાકી જાય છે. કારણ એક જ છે - ઉત્સાહથી કામ કરનારા થાકતા નથી. ઉલટાના તેઓ નવી ઊર્જા, નવી શક્તિ કામ કરતાં કરતાં જ મેળવી લે છે. થાક કામથી લાગતો નથી, ઉત્સાહના અભાવથી લાગે છે. ઉત્સાહ એ જીવનઊર્જા છે, જીવનરસ છે. તેના વડે જીવન સક્રિય અને જીવંત રહી ધબકતું રહે છે. ઉત્સાહને ઉંમર સાથે કોઈ લેવા દેવા નથી.

બાળકો, યુવાનો, વૃદ્ધો દરેકને પ્રોત્સાહન અને ઉત્સાહની જરૂર હોય છે.

પણ બાળકોને તો પ્રોત્સાહન-ઉત્સાહની ખૂબ જ જરૂર હોય છે. ઘણી વખત માતાપિતા એની નાની નાની ભૂલોની ટીકા કર્યા કરતાં હોય છે. એમના ઉત્સાહ પર જાણે-અજાણે ઠંડુ પાણી નાખતા હોય છે. એનાથી બાળકનો આત્મવિશ્વાસ ડગી જાય છે. તે નિરુત્સાહી અને તનાવગ્રસ્ત બની જાય છે. બાળકોને હંમેશા ઉત્સાહિત કરતા રહેવા એ દરેક માબાપની ફરજ છે.

ઘણા માણસો અર્ધ મરેલા જેવા જીવતા હોય છે, જેમ તેમ દિવસો કાઢતા હોય છે. જીવન એમને બોજરૂપ લાગતું હોય છે. મનુષ્ય પોતાના મનને કેળવી શકે તો તે ઉત્સાહ અને ઉમંગથી જીવનને ધબકતું રાખી શકે છે, તો એ જીવનને પૂર્ણ સ્વરૂપમાં માણી શકે છે. આ માટે મનુષ્યે રોજ સવારે પોતાની જાતને કહેતા રહેવું જોઈએ કે, 'મને મારું કામ ગમે છે. મને એમાં સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે. મારામાં જે કંઈ શક્તિ છે, આવડત છે, એ બધી હું એમાં ઠાલવી દઈશ. હું જીવું છું એનો મને આનંદ છે અને હું સંપૂર્ણ રીતે આજે જીવંત રહીશ.' આવું મનોબળ કેળવવાથી મનુષ્યમાં નવી શક્તિ અને ઉત્સાહ આવે છે. ઉત્સાહ રાખવો એ મનુષ્યના પોતાના જ હિતમાં હોય છે. ઉત્સાહ મનુષ્યના આરોગ્ય અને આયુષ્ય પણ વધારે છે.

સ્વાઈટઝર કહે છેઃ 'ઉત્સાહ અને આત્મભોગ સિવાય આ જગતમાં કદી પણ કોઈને સાચી સફળતા મળી નથી.'રોજ મુશ્કેલીઓને જ જોનારની સામે મુશ્કેલીઓ જ આવ્યા કરે છે અને રોજ ઉત્સાહ અને આશાને જોનારને ઉત્સાહ અને આશા જ મળે છે.

ચિંતકો કહે છેઃ 'નવી પેઢીને તમો કોઈ ભેટ આપવા ઈચ્છતા હો તો તે ઉત્સાહની જ આપજો' કારણકે ઉત્સાહ મનુષ્યની ચિરંતન તાકાત છે. મનુષ્યના સદ્‌ભાગ્યનો સર્જક ઉત્સાહ છે, ઉમંગ છે.

એમર્સને લખ્યું છેઃ 'મને કોઈ એવી વ્યક્તિની જરૂર છે, જે હું કરી શકું એમ છું તે મારી પાસે કરાવે.' એટલે બીજા શબ્દોમાં કહીએ તો, જે મને પ્રોત્સાહિત કરે, ઉત્સાહ અર્પે. આપણામાંના કોઈકને પણ ક્યારેક શું કોઈ આવી જ વ્યક્તિના ઉત્સાહની જરૂર નથી હોતી?

"કોઈ વ્યક્તિને ઊર્જાસભર શબ્દો વડે ઉત્સાહિત કરવા એ શિક્ષણ અને સેવાનું જ કાર્ય છે. - અજ્ઞાત

***ઘણી વખત માતાપિતા એની નાની નાની ભૂલોની ટીકા કર્યા કરતાં હોય છે. એમના ઉત્સાહ પર જાણે-અજાણે ઠંડુ પાણી નાખતા હોય છે. એનાથી બાળકનો આત્મવિશ્વાસ ડગી જાય છે. તે નિરુત્સાહી અને તનાવગ્રસ્ત બની જાય છે.***

સહકારિતા

# ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ
# સહકારથી સમૃદ્ધિ ભારત બીજ સાથે

ભારતીય કૃષિ ઉત્પાદનનાં મૂળમાં બીજ ખૂબ મહત્વનું છે. સારું બીજ એટલે સારો પાક, વધુ ઉત્પાદન, વધુ આવક અને ખેડૂતની સમૃદ્ધિ. વૈજ્ઞાનિક અભ્યાસો અનુસાર, ગુણવત્તાયુક્ત બીજનું સીધું યોગદાન કુલ ઉત્પાદનમાં ૧૫ થી ૨૦ ટકા જેટલું હોય છે. જો પાણી, ખાતર, જંતુનાશકો, સમયસર વાવણી વગેરેનું સારું વ્યવસ્થાપન કરવામાં આવે તો આ યોગદાન ૪૦ થી ૪૫ ટકા સુધી પણ વધી શકે છે. તેથી બીજ ક્ષેત્ર કૃષિ વિકાસનો મુખ્ય પાયો છે. આજે ભારત વિશ્વની સૌથી મોટી કૃષિ અર્થવ્યવસ્થાઓમાં મોટું સ્થાન ધરાવે છે. લગભગ ૫૦ ટકાથી વધુ વસ્તી હજુ પણ કૃષિ પર આધારિત છે. છતાં, બીજ ક્ષેત્રમાં સહકારી યોગદાન અત્યંત ઓછું હતું. દેશમાં બીજની કુલ માંગ લગભગ ૪૬૫ લાખ ક્વિન્ટલ જેટલી છે. તેમાંથી સરકારી તંત્ર (નેશનલ સીડ્સ કોર્પોરેશન અને રાજ્ય સીડ કોર્પોરેશન્સ) દ્વારા લગભગ ૧૬૫ લાખ ક્વિન્ટલ ઉત્પાદન થાય છે, જ્યારે સહકારી ક્ષેત્રનું યોગદાન એક ટકાથી પણ ઓછું રહ્યું હતું. આ અસમાનતા દૂર કરવી જરૂરી હતી. તેથી પ્રધાનમંત્રીશ્રીના "સહકારથી સમૃદ્ધિ"ના વિઝન અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રીશ્રીના કાર્યક્ષમ માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલયે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. કેન્દ્રીય મંત્રીમંડળે મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ (MSCS) અધિનિયમ, ૨૦૦૨ હેઠળ રાષ્ટ્રીય સ્તરની બીજ સહકારી સમિતિની સ્થાપનાને મંજૂરી આપી હતી. ત્યારબાદ તેની નોંધણી થઈ અને તેને રાષ્ટ્રીય સહકારી સમિતિનો દરજ્જો મળ્યો. આમ ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (Bharatiy Beej Sahakari Samiti Limited - BBSSL) અસ્તિત્વમાં આવી. આ સમિતિ માત્ર બીજ ઉત્પાદન અને વિતરણનું જ કામ કરતી સંસ્થા નથી, તે સહકારી આંદોલનને નવી ઊંચાઈએ લઈ જવા માટે, ખેડૂતને કેન્દ્રમાં રાખી, સ્વદેશી અને પરંપરાગત બીજની સંરક્ષણ કરતી તથા આધુનિક વૈજ્ઞાનિક બીજ ઉત્પાદનને ગ્રામ્ય સ્તર સુધી પહોંચાડતી એક મજબૂત રાષ્ટ્રીય પ્લેટફોર્મ

**ડૉ.વી. એમ. ચૌધરી**
કન્સલટન્ટ-સહકારી શિક્ષણ,
ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ.
ઈ-મેલ : vm1601@gmail.com

પૂરું પાડતી સહકારી સંસ્થા છે. દરેક ખેડૂત સુધી ગુણવત્તાયુક્ત, પ્રમાણિત અને સસ્તું બીજ પહોંચાડવું અને સહકાર ક્ષેત્રના માધ્યમ દ્વારા ખેડૂતની આવક વધારવી તેનું મુખ્ય લક્ષ્ય છે.

**૧. BBSSLની સ્થાપના અને પૃષ્ઠભૂમિ**

સહકારી ક્ષેત્રને મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકારે ૨૦૨૧માં અલગ સહકાર મંત્રાલયની રચના કરી હતી. આ મંત્રાલય હેઠળ ત્રણ મહત્વની રાષ્ટ્રીય મલ્ટી-સ્ટેટ સહકારી સમિતિઓની સ્થાપના કરવામાં આવી છે. બીજ માટે BBSSL, ઓર્ગેનિક ઉત્પાદનો માટે National Co-operative Organics Limited (NCOL) અને નિકાસ માટે National Cooperative Export Limited (NCEL). આ ત્રણેય સમિતિઓ સહકારી મૂલ્ય શૃંખલાને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી કાર્ય કરી રહી છે. BBSSLની સ્થાપના કેબિનેટની મંજૂરી મળ્યા પછી MSCS અધિનિયમ હેઠળ થઈ. તેની નોંધણી ૨૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ કરવામાં આવી હતી અને ૨૧ માર્ચ ૨૦૨૩ના રોજ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. ટૂંકા સમયમાં જ આ માટે સજ્જ થવા તાલીમ કાર્યક્રમો પણ પૂર્ણ કરવામાં આવ્યા હતા. આ ઝડપી કાર્યવાહી સહકાર મંત્રાલયની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**પ્રમોટર સંસ્થાઓ**

BBSSLના પાંચ મુખ્ય પ્રમોટર સભ્યો છે. આ તમામ સંસ્થાઓ સહકારી ક્ષેત્રની સૌથી મજબૂત અને અનુભવી સંસ્થાઓ છેઃ

- ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓપરેટિવ લિમિટેડ (IFFCO) - ખાતર ક્ષેત્રની વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા છે.
- કૃષક ભારતી કો-ઓપરેટિવ લિમિટેડ (KRIBHCO) - મુખ્ય પ્રમોટર. ખાતર અને કૃષિ આદાનોના ક્ષેત્રમાં મજબૂત હાજરી ધરાવે છે.
- નેશનલ એગ્રિકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (NAFED) - કૃષિ ઉત્પાદનોના માર્કેટિંગમાં અગ્રણી સહકારી સંસ્થા છે.
- નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) - ડેરી ક્ષેત્રની સફળતાનું પ્રતીક (અમૂલ મોડલ).
- નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) - સહકારી વિકાસ માટેની કેન્દ્રીય સંસ્થા છે.

BBSSLની સ્થાપવા કરવા દરેક પ્રમોટર સંસ્થાએ ૫૦ કરોડ રૂપિયાનું સમાન યોગદાન આપ્યું છે. આમ પ્રારંભિક ચુકવેલી મૂડી ૨૫૦ કરોડ રૂપિયા છે અને કુલ અધિકૃત મૂડી ૫૦૦ કરોડ રૂપિયાની છે. આ મજબૂત મૂડી

આધાર, આ સમિતિને લાંબા ગાળાના કાર્ય માટે સક્ષમ બનાવે છે.

## ૨. વિઝન, મિશન અને ઉદ્દેશ્યો

BBSSLનું વિઝન સ્પષ્ટ છે: ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન અને માર્કેટિંગ માટે એક એપેક્સ (શિખર) સંસ્થા તરીકે કાર્ય કરવું. તે રાષ્ટ્રીય સ્તરે બીજ ક્ષેત્રમાં સહકારી મોડલને મજબૂત બનાવવા માંગે છે.

### મુખ્ય મિશન

- કૃષિ ક્ષેત્રે ગુણવત્તાયુક્ત બીજ ઉત્પાદન કરીને પાક ઉત્પાદન વધારવું.
- ખેડૂતો અને હિસ્સેદારોની આવક વધારીને સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવી.
- દેશમાં બીજ ઉત્પાદન માળખાને મજબૂત બનાવવું અને નવી જાતોને પ્રોત્સાહન આપવું.
- સ્વદેશી અને પરંપરાગત બીજની સંરક્ષણ તથા પ્રોત્સાહનની વ્યવસ્થા વિકસાવવી.
- સીડ રિપ્લેસમેન્ટ રેટ (SRR) અને વેરાયટી રિપ્લેસમેન્ટ રેટ (VRR) વધારવા જેથી ઉત્પાદકતા વધે.

### વ્યૂહાત્મક ઉદ્દેશો

BBSSLનું કાર્ય માત્ર બીજ વેચવાનું નથી. તે ખેડૂતને બીજ ઉત્પાદનની સમગ્ર પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બનાવવા માંગે છે. બ્રીડર સીડ જાહેર સંશોધન સંસ્થાઓ (ICAR, ICRISAT, IRRI, CIMMYT વગેરે) પાસેથી મેળવીને, તેને ફાઉન્ડેશન અને સર્ટિફાઈડ સ્તરે PACS અને અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા બીજ ઉત્પાદન કરાવી અનેક ઘણો વધારો કરવામાં આવે છે. આમ ખેડૂત પોતે બીજ ઉત્પાદક બને છે અને નફો સીધો તેના ખાતામાં જાય છે. આ સહકારનો મૂળ મંત્ર છે.

## ૩. BBSSLના મુખ્ય કાર્યો અને પ્રવૃત્તિઓ

- BBSSLની પ્રવૃત્તિઓ વ્યાપક છે. તે બીજના સમગ્ર વેલ્યુ ચેઈનને આવરી લે છેઃ બ્રીડર, ફાઉન્ડેશન અને સર્ટિફાઈડ બીજનું ઉત્પાદન, પરીક્ષણ અને પ્રમાણીકરણ કરે છે.
- બીજની ખરીદી, પ્રોસેસિંગ, સ્ટોરેજ, બ્રાન્ડિંગ, લેબલિંગ અને પેકેજિંગનું કામ કરે છે.
- પ્રાથમિક કૃષિ ઋણ સહકારી સમિતિઓ (PACS) અને અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા બીજ ઉત્પાદન કરે છે.
- "ભારત બીજ" (Bharat Beej) બ્રાન્ડ હેઠળ ગુણવત્તાયુક્ત બીજનું માર્કેટિંગ અને વિતરણ કરે છે.
- સ્વદેશી કુદરતી બીજનુ સંરક્ષણ, સીડ બેંક અને પરંપરાગત જાતોનું પ્રોત્સાહન કરે છે.
- ખેડૂતોને તાલીમ, ટેકનિકલ સહાય

અને બીજ ઉત્પાદન માટેનું માળખું પૂરું પાડે છે.

- ICAR, નેશનલ સીડ કોર્પોરેશન (NSC), રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહકાર સાધે છે.

ભારતીય બીજ સહકારી સમિતિ દેશભરમાં કાર્ય કરે છે અને તેની રજિસ્ટર્ડ ઓફિસ નવી દિલ્હીમાં છે. પ્રાથમિકથી લઈને એપેક્સ સ્તર સુધીની તમામ સહકારી સંસ્થાઓ તેની સભ્ય બની શકે છે. આથી એક વિશાળ અને સમાવેશી નેટવર્ક તૈયાર થાય છે.

**૪. BBSSLનું સભ્યપદ મેળવવા મંડળીના પ્રકાર અને ભરવાની થતી શેરમૂડી**

કોઈપણ સહકારી મંડળી શેર મૂડી ભરપાઈ કરીને સભ્ય બની શકે છે. સભ્યપદની અરજી સમયે સંપૂર્ણ રકમ એકસાથે ચૂકવણી કરવાની હોય છે. રાજ્ય સ્તરની સહકારી સંસ્થાઓએ સભ્ય બનવા માટે ૧,૦૦૦/- ની મૂળ કિંમતના ઓછામાં ઓછા ૧૦૦૦ શેર ખરીદવાના હોય છે. આ વર્ગમાં આવતી સહકારી સંસ્થાઓ દસ લાખ રૂપિયાના શેર ખરીદી સભ્યપદ મેળવી શકે છે. રાષ્ટ્રીય સહકારી મંડળી અને બહુ-રાજ્ય સહકારી મંડળી, જેને રાષ્ટ્રીય સહકારી મંડળી તરીકે નિયુક્ત કરવામાં આવી નથી, તેમણે સભ્યપદ મેળવવા ૧,૦૦૦/- ની મૂળ કિંમતના ઓછામાં ઓછા ૫૦૦ શેર એટલે કે ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ રૂપિયા)ના શેર ખરીદવા પડશે. રાજ્ય સ્તરની અથવા પ્રાથમિક સહકારી મંડળી સિવાયની સહકારી મંડળીએ ૧,૦૦૦/-ની ફેસ વેલ્યુના ઓછામાં ઓછા ૧૦ શેર ખરીદવા પડશે એટલે કે ૧૦,૦૦૦ (દસ હજાર રૂપિયા)ના શેર ખરીદી સભ્યપદ મેળવી શકે છે. પ્રાથમિક સ્તરની સહકારી મંડળી ૧,૦૦૦/- ની ફેસ વેલ્યુનો એક શેર એટલે કે ૧,૦૦૦/- (એક હજાર રૂપિયા)નો શેર ખરીદી સભ્યપદ મેળવી શકે છે. સેન્ટ્રલ રજિસ્ટ્રાર દ્વારા પરવાનગી આપવામાં આવેલ વ્યક્તિઓના વર્ગો અથવા વ્યક્તિઓના સંગઠનોએ ૧,૦૦૦/- ની ફેસ વેલ્યુના ઓછામાં ઓછા ૨ શેર ખરીદવા પડશે એટલે તે વર્ગમાં આવતા હોય તે ૨,૦૦૦/- (બે હજાર રૂપિયા) ભરી સભ્ય બની શકે છે. દરેક વર્ષના વાર્ષિક હિસાબ પછી તમામ સોસાયટીઓને તેમની શેર મૂડીના મહત્તમ ૨૦% સુધી ડિવિડન્ડ આપવાની જોગવાઈ છે.

**૫. BBSSLનું સભ્યપદ મેળવવા અરજી કરવાની પ્રક્રિયા અને જરૂરી ડોક્યુમેન્ટ્સ**

સભ્યપદ મેળવવા વેબસાઈટમાં મૂકવામાં આવેલ અરજી ફોર્મ ભરવાનું હોય છે. અરજી ફોર્મમાં શેરની વિગતો સાથે શેર

ફાળવવા મંડળીની શ્રેણી મુજબ નક્કી થયેલી શેરની રકમનો ચેક / ડિમાંડ ડ્રાફ્ટ / NEFT/ RTGS ની વિગતો ભરવાની હોય છે. અરજી સાથે મંડળીના લેટર પેડ ઉપર બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગનો ઠરાવ, સહકારી મંડળી/ સંસ્થાની નોંધણીનું પ્રમાણપત્ર, પાન કાર્ડ, જીએસટી (લાગુ પડતું હોય તો), કેન્સલ ચેકની નકલ અપલોડ કરવાની હોય છે. નવા સભ્યપદ માટે અરજી કરવા BBSSLના અધિકૃત પોર્ટલ પર "Membership" વિકલ્પ પસંદ કરીને જરૂરી સંસ્થાકીય વિગતો અને શેર ફાળવણીની રકમની વિગતો ભરી ફોર્મ સબમિટ કરવાનું હોય છે. સભ્યપદ મેળવવા પ્રવેશ ફી રૂ. ૫૦૦/- અરજી સાથે ભરવાની રહશે. BBSSLની વેબસાઈટ ઉપર મોબાઈલ એપ્લિકેશન અને ક્યુઆર કોડની વિગતો મળી શકે છે.

### ૬. BBSSLની સભ્ય સંસ્થાઓ અને નેટવર્ક વિસ્તાર

BBSSLએ રેકોર્ડ સમયમાં દેશની સૌથી મોટી મલ્ટી-સ્ટેટ કોઓપરેટિવ સોસાયટી બનીને બતાવ્યું છે. ૨૦૨૬ સુધીમાં તેમાં ૩૭,૦૦૦ થી વધુ (કેટલાક અધિકૃત આંકડા અનુસાર ૩૮,૬૬૫) સહકારી સંસ્થાઓ સભ્ય બની છે. આ સંખ્યા દેશમાં કોઈપણ મલ્ટી-સ્ટેટ સહકારી સમિતિ કરતાં વધુ છે. ૩૪ રાજ્યોમાં તેની પહોંચ છે. સૌથી મહત્વની વાત એ છે કે મોટી સંખ્યામાં પ્રાથમિક કૃષિ ઋણ સહકારી સમિતિઓ (PACS) સભ્ય બની છે. PACSની દેશના લગભગ ૭૦ ટકા ખેડૂતો સુધી પહોંચ છે. BBSSLએ PACSને સીધા બિઝનેસ સાથે જોડવાનું નવીન મોડલ આપનાવ્યું છે. આથી ગ્રામ્ય સ્તરે બીજ ઉત્પાદન, પ્રમાણીકરણ અને વિતરણનું મજબૂત નેટવર્ક તૈયાર થઈ રહ્યું છે. કેન્દ્રીય સહકાર મંત્રાલયએ વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં વધુ ૨૦,૦૦૦ સહકારી સમિતિઓને જોડવાનું લક્ષ્ય રાખ્યુ છે.

### ૭. BBSSLની સિદ્ધિઓ અને પ્રગતિ

ટૂંકા સમયમાં BBSSLએ નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. આ સિદ્ધિઓ સહકારી મોડલની શક્તિ અને સમિતિની કાર્યક્ષમતા બંને દર્શાવે છે.

**ઉત્પાદન અને વિતરણ**

- ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં ૧૫થી વધુ પાકોમાં ૬.૦૮ લાખ ક્વિન્ટલ ગુણવત્તાયુક્ત બીજનું ઉત્પાદન. આ ઉત્પાદન ૧૯,૪૦૦ થી વધુ ખેડૂતો દ્વારા કરવામાં આવ્યું છે.
- "ભારત બીજ" બ્રાન્ડ હેઠળ ૩.૧૯ લાખ ક્વિન્ટલ બીજનું માર્કેટિંગ કરવામાં આવ્યું છે.
- ઘઉં, ડાંગર, કઠોળ, તેલીબિયાં અને

અન્ય પાકો સહિત ૭૮ સુધારેલી જાતોનુ માર્કેટિંગ.

- BBSSLએ ૧૭ રાજયોમાં બીજ લાયસન્સ મેળવ્યા છે.

**નવીન પહેલ**

- આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાં ટિશ્યુ કલ્ચર ફેસિલિટીઝ સ્થાપિત કરવાની યોજના છે. આથી કેળાના રોગમુક્ત અને નવી જાતના છોડ ખેડૂતોને મળશે.
- ICRISAT અને IFFCO સાથે ત્રિપક્ષીય સહકારથી ગુજરાતમાં બીજ અનુસંધાન કેન્દ્ર સ્થાપિત કરવાની પહેલ કરેલ છે.
- સ્વદેશી બીજના સંરક્ષણ માટે સીડ બેંક અને બ્લોકચેન આધારિત ટ્રેસેબિલિટી પર કામ કરવા પહેલ.

**વ્યાપારિક લક્ષ્યો**

- સમિતિએ પાંચ વર્ષમાં ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના ટર્નઓવરનું લક્ષ્ય નક્કી કર્યું છે. સાત વર્ષમાં ૧૮,૦૦૦ કરોડ રૂપિયા અને ૧૯ લાખ ટન બીજ વેચાણનું લક્ષ્ય પણ નક્કી કરવામાં આવ્યું છે.
- ૨૦૨૪-૨૫ને ઝીરો યર માનીને ૨૦૨૫-૨૬માં ૨૭૦ કરોડનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ લક્ષ્યો સહકારી બીજ ક્ષેત્રને મોટા પાયે વિસ્તારવાની દિશા સૂચવે છે.

**૮. ખેડૂતો માટે મહત્વ અને લાભ**

BBSSLનું મુખ્ય કેન્દ્રબિંદુ ખેડૂત છે. તેના લાભો બહુપરિમાણીય છેઃ

- ગુણવત્તાયુક્ત અને પ્રમાણિત બીજ સસ્તા ભાવે ઉપલબ્ધ થાય છે. આથી ઉત્પાદન વધે છે અને જોખમ ઘટે છે.
- ખેડૂતો પોતે બીજ ઉત્પાદક બની શકે છે. તેઓ PACS મારફતે બીજ ઉત્પાદન કરીને વધુ આવક મેળવી શકે છે.
- નફો સીધો ખેડૂતના ખાતામાં જાય છે - મધ્યસ્થીઓ ઘટે છે.
- પરંપરાગત અને સ્થાનિક જાતોનું રક્ષણ થાય છે. આથી જૈવવિવિધતા અને આબોહવા સહનશીલતા વધે છે.
- ઓછા પાણી અને ઓછા જંતુનાશકોની જરૂરિયાતવાળી જાતોને પ્રોત્સાહન મળે છે.
- ગ્રામ્ય રોજગાર અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળે છે.

જ્યારે ખેડૂત પોતે બીજ ઉત્પાદનની પ્રક્રિયામાં સામેલ થાય છે ત્યારે તેને વૈજ્ઞાનિક જ્ઞાન, તાલીમ અને બજાર સુધી પહોંચ મળે છે. આથી તે માત્ર ઉત્પાદક નહીં પરંતુ ઉદ્યોગસાહસિક પણ બને છે.

**૯. સહકારી આંદોલનમાં યોગદાન**

ભારતમાં લગભગ ૮.૫૪ લાખ સહકારી સમિતિઓ છે અને ૨૯ કરોડથી વધુ

લોકો સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા છે. વિશ્વની લગભગ ૨૫થી ૩૦ ટકા સહકારી સમિતિઓ ભારતમાં છે. PACS, ડેરી સહકારી, ખાતર સહકારી અને હવે બીજ સહકારી આ તમામ મળીને ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત કરે છે. BBSSL આ વિશાળ નેટવર્કને બીજ ક્ષેત્ર સાથે જોડીને સહકારી ક્ષેત્રને નવી ઊંચાઈ આપી રહી છે. IFFCO અને KRIBHCO જેવી સફળ સંસ્થાઓની પરંપરાને આગળ વધારતી આ સમિતિ સાબિત કરે છે કે સહકારી મોડલ આધુનિક, વ્યાવસાયિક અને સ્પર્ધાત્મક બની શકે છે. ''સહકારથી સમૃદ્ધિ'' માત્ર નારો નથી - તે વ્યવહારિક વાસ્તવિકતા બની રહ્યો છે.

**૧૦. પડકારો અને ભવિષ્યની રૂપરેખા**

કોઈપણ મોટી પહેલની જેમ BBSSL સમક્ષ પણ કેટલાક પડકારો છે. માળખાકીય વિકાસ (પ્રોસેસિંગ યુનિટ, સ્ટોરેજ, કોલ્ડ સ્ટોરેજ), ગુણવત્તા નિયંત્રણ, બજારમાં ખાનગી કંપનીઓ સાથેની સ્પર્ધા, વિવિધ આબોહવા પરિસ્થિતિઓમાં અનુકૂલન અને ખેડૂતોને તાલીમ આપવાનું કામ મોટા પાયે કરવાનું છે. તેમ છતાં, મજબૂત પ્રમોટરો, સરકારી સહાય, વ્યાપક નેટવર્ક, સ્પષ્ટ વિઝન અને ઝડપી સભ્ય વૃદ્ધિને કારણે ભવિષ્ય આશાસ્પદ છે. આગામી વર્ષોમાં સમિતિ વધુ PACSને જોડશે, નવી જાતો વિકસાવશે, નિકાસમાં વધારો કરશે, બીજ સંશોધન કેન્દ્રો સ્થાપિત કરશે અને ટિશ્યુ કલ્ચર તથા ડિજિટલ ટ્રેસેબિલિટી જેવી આધુનિક તકનીકોનો ઉપયોગ વધારશે. સહકાર મંત્રાલયની રાષ્ટ્રીય સહકારી નીતિ અને વિવિધ યોજનાઓ સાથે સમન્વય કરીને BBSSL બીજ ક્ષેત્રમાં સહકારી ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

**૧૧. ઉપસંહાર-સારાંશ**

ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ માત્ર એક સંસ્થા નથી - તે ખેડૂતની આશા, સહકારની શક્તિ અને આત્મનિર્ભર ભારતની કથા છે. જ્યારે દરેક ગામના PACSમાં ગુણવત્તાયુક્ત ''ભારત બીજ'' ઉપલબ્ધ થશે, ખેડૂત જ્યારે પોતે બીજ ઉત્પાદક બનશે ત્યારે સ્વદેશી બીજની સમૃદ્ધિ જળવાઈ રહેશે, ત્યારે જ ''સહકારથી સમૃદ્ધિ''નું સ્વપ્ન સાકાર થશે. આ સમિતિ દેશની કૃષિને વધુ ઉત્પાદક, ટકાઉ, આબોહવા સહનશીલ અને ખેડૂત-કેન્દ્રિત બનાવવાના માર્ગે આગળ વધી રહી છે. સહકારી મોડલ આધુનિક યુગમાં પણ અત્યંત પ્રાસંગિક અને શક્તિશાળી છે. ભવિષ્યમાં BBSSL ભારતીય કૃષિના સુવર્ણ યુગની એક મહત્વની કડી બની રહેશે. સહકારથી જ સાચી સમૃદ્ધિ આવે છે. ભારત બીજ સાથે આ સમૃદ્ધિનો માર્ગ હવે વધુ સ્પષ્ટ અને મજબૂત બની રહ્યો છે.

**ઉન્નત બીજ સમૃદ્ધ કિસાન- સહકારથી સમૃદ્ધિ - ભારત બીજ સાથે**

કો-ઓપ. સ્કિલ

# સહકારી ક્ષેત્રમાં સ્કીલ્ડ ઈન્ડિયાના લાભ મળવા જરૂરી

આધુનિક ભારતના માર્ગમાં સમયાંતરે બધુ નવું નવું આવ્યા જ રહે છે છતાં પણ આપણું જે ધ્યેય છે તેના માટે સરકારશ્રી મક્કમતાથી ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા પુષ્કળ પ્રયાસો કરી નવી નવી યોજનાઓ પણ અમલમાં મૂકી રહી છે. મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્કીલ્ડ ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત વગેરે. આ બધા કદમની સાથે વિવિધ હેતુઓ સંકલ્પ અને ચિંતા જોડાયેલા છે અને જો આ યોજનાઓ સમયસર ગતિપૂર્ણ રીતે આગળ વધે તો ભારતના સર્વાંગી વિકાસ ને કોઈ રોકી શકે નહિ. તેવા આયોજનમાં આ મોટા વિઘ્ન વૈશ્વિક ઉથલ પાથલના લીધે આવી રહ્યા છે જેના લીધે કાર્યોમાં વિલંબ થાય છે અથવા આર્થિક ભીંસનો સામનો કરવો પડી રહ્યો છે ઉપરાંત પ્રજાને નહિ ગમતી મોઘવારી, તંગી અછત વગેરે બાબતો સામે આવી જે જનહિતને દબાવી જાય છે. યુક્રેન રશિયા યુદ્ધ ઘણા વર્ષોથી ચાલુ છે હજી બંધ થાતુ નથી તેમાં ફેબ્રુઆરી ૨૦૨૬ થી અમેરિકા-ઈરાન અને ઈઝરાયેલનું યુદ્ધ શરૂ થયું તે બાદ પુષ્કળ સમાધાનની વાટાઘાટો પછી સિઝફાયરનો અમલના થયો અને હાલમાં મધ્યપૂર્વમાં ભયજનક હાલત ઊભી થઈ છે હોર્મુઝ જલ ખાડીથી ક્રુડ ઓઈલ, ડિઝલ ગેસનો સપ્લાય મહદંશે બંધ પડી ગયો છે ! આ સ્થિતિમાં વિવિધ દેશોના અર્થતંત્રો ઉપર નકારાત્મક પરિણામો પડી રહ્યા છે. જગતમાં સર્વત્ર ઉદાસિનતા – હતાશાનો માહોલ પ્રર્વતે છે ત્યારે આપણે રહીને પરિસ્થિતિનો ક્ષતિઓ કરી વિકાસને આગળ વધારવાના પ્રયાસો કરી રહ્યા છીએ. સહકારી ક્ષેત્રે કેન્દ્ર કક્ષાએ અલાયદુ મંત્રાલય ૨૦૨૧ થી બનાવ્યું તે પછી સહકારના ક્ષેત્રમાં એકરૂપતા, પારદર્શિતા, ગતિશીલતા લાવવા માટે અનેક પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા છે જે આપણે જાણીએ છીએ.

**પ્રો. મહેન્દ્ર એમ. ત્રિવેદી**
ફેકલ્ટી મેમ્બર
NICM, ગાંધીનગર
મો. ૯૯૨૪૫૪૯૭૪૯

સહકારી ક્ષેત્રની તમામ સંસ્થાઓ માટે સરકારશ્રી બહુલક્ષી અભિગમ દ્વારા કાયાપલટ કરી રહી છે અને તેનાથી એકરૂપતા ઝડપ અને પરિણામલક્ષી આયોજન કરવામાં આવી રહ્યા છે તેનાથી સમૃદ્ધિનું ફળ પ્રાપ્ત કરવાનું મુખ્ય હોય છે. પેક્સ માટે ક્રોપ્સ ઈન્ડિયાનું અમલીકરણ થઈ રહ્યું છે. પેક્સ માટે કોમન બાય લોઝ પૂરાં પાડ્યા છે જેથી કાર્યક્ષેત્રમાં મલ્ટી પર્પઝ - બહુલક્ષી કાર્યોને સરળતાથી કરાવી શકાય, તાલીમ માટે

નાબાર્ડ-બર્ડ દ્વારા જરૂરી કાર્યો અવિરત ચાલતા રહે છે જેના પાયામાં બદલાતા સમયમાં કાર્યજ્ઞાન દ્વારા માહિતીનું યોગ્ય માત્રામાં વ્યાપક બનવાનું છે, સહકારિતા ક્ષેત્રમાં સ્કીલ્ડ મેનપાવર ની અછત ઘણા વર્ષોથી જોવા મળી પરંતુ હવે "ત્રિભુવન સહકારી યુનિવર્સિટી" શરૂ કરવામાં આવી છે તેના દાયરામાં આધુનિક સમયને લક્ષ્યમાં રાખી યોગ્ય મેનપાવર ઉપલબ્ધ કરાવવાનો છે!! પ્રેક્ટીકલ શ્રમ વત્તા થિયરી એમ સર્વગ્રાહી કામ થઈ રહ્યું હોવાથી સક્ષમ કર્મચારીઓ આ ક્ષેત્રમાં મેળવવા છે નિયમિત કામદાર અને ઉમદા લાયકાત વાળા મેનેજર્સ વગેરે, મળી રહે તો ઘણી સમસ્યાઓ હળવી બની જાય છે કેમકે હવે તમામ સંસ્થાઓમાં આધુનિક વર્ક સિસ્ટમ છે, કોમ્પ્યુટર્સ છે અને તેની સાથે નવા નવા પડકારો પણ ઊભા થઈ રહ્યા છે જેમ કે સાયબર ફ્રોડ-સાયબર ક્રાઇમ્સ, ડિજિટલ એરેસ્ટ અને વિવિધ પ્રકારની છેતરપિંડી, આ બધામાં સુરક્ષા પ્રાપ્ત કરવા માટે સ્કીલ્ડ સ્ટાફ અને લેટેસ્ટ સિસ્ટમ અનિવાર્ય ગણી શકાય અને તેનો લાભ પ્રત્યેક સહકારી ક્ષેત્રની સંસ્થાઓને સમયસર પ્રાપ્ત થાય તે ખૂબ ઉચિત કદમ કહી શકાય. સહકારિતા મંત્રાલય પણ બધુ જ કરવા કટીબદ્ધ છે અને સમય જતાં તેના પરિણામો પણ મળતા થઈ જશે તે નિર્વિવાદ સત્ય છે.

ખાસ કરીને સહકારિતા ક્ષેત્રની બેંકોમાં આધુનિક સિસ્ટમ, પ્રિવેન્ટીવ મિકેનિઝમ-મેઇન્ટેનન્સ, કમ્પ્લાયન્સ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે સ્કીલ્ડ વર્ક ફોર્સ બહુ જ મહત્વની જરૂરિયાત છે તેની ખામીના લીધે આર્થિક સ્કેમ કે ફ્રોડ થઈ જવાની ઘટનાઓ બહાર આવે છે એટલે એ સમય મુજબ પરિવર્તિત થવું જ પડે તેવા યુગમાં સૌ કોઈ સ્પર્ધાત્મક સ્થિતિમાં જીવે છે. એટલા માટે ભારત સરકાર સ્કીલ્ડ ઇન્ડિયા લાવી છે. દેશના પ્રત્યેક સેક્ટરમાં ઉમદા કર્મચારી અને અધિકારી જો ઉપલબ્ધ બને તો વિકાસનો માર્ગ સરળ બની રહે છે. શિક્ષણ તથા તાલીમને પણ આધુનિક પધ્ધતિમાં લઈ જવા પડે. સમજણ અને કાર્ય બન્નેમાં જરૂરી માહિતી શક્તિપ્રદાન કરે છે. હિસાબી કામકાજમાં ગોટાળા, ઉચાપત કે કૌભાંડોને રોકવા માટે સ્કીલ્ડ કર્મચારીઓ અતિ મહત્વના છે. તાલીમના ક્ષેત્રમાં પણ આ બધા પાસાનો સમાવેશ નાબાર્ડ સુનિશ્ચિત કરાવે છે. માત્ર નાણા એકઠા કરવા કે ઋણ આપવાથી પરિણામો ધાર્યા મળતા નથી. સૂચનાઓ પરિપત્રોનું અમલીકરણ પૂરતું સમયસર થવુ જરૂરી છે ક્યારે પણ સ્કીલ્ડ સ્ટાફ મળે તો સારા પરિણામ મેળવવાની ખાત્રી ઊભી થાય છે. વિલંબને ટાળવો એ પ્રગતિની પૂર્વ શરત હોય છે. કાયદાની કલમો પણ સહકારી ક્ષેત્રમાં બદલાઈ રહી છે તેનું પાલન કરવું એ ઉમદા સંચાલનનો હિસ્સો છે એટલે કે સ્કીલ્ડ અધિકારી આ બધાની મહત્તા જાણે અને જાગૃત રહે તે જરૂરી હોય છે. ટૂંકમાં સહકારિતા ક્ષેત્રમાં આ બધી બાબતો માટે સ્કીલ્ડ ઇન્ડિયા ફળદાયી નીવડશે તેવી અપેક્ષા છે.

જાગો ગ્રાહક જાગો

# ગ્રાહક સુરક્ષા ધારો (૧૯૮૬)

ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિનો પવન આપણે ત્યાં પશ્ચિમના દેશોમાં અને એમાંય ખાસ કરીને પ્રથમ તો અમેરિકામાં ફૂંકાયેલ અને સૌ પ્રથમ રાલ્ફ નાડારે ગ્રાહકોની સુરક્ષાનો ઝંડો ઉપાડેલ જેની અસરોના પરિણામ રૂપે ભારતમાં પણ ગ્રાહક સુરક્ષાની ચળવળ શરૂ થઈ અને ગ્રાહક સુરક્ષા મંડળો અસ્તિત્વમાં આવ્યા. આ ગ્રાહક સુરક્ષા મંડળોને પોતાની પ્રવૃત્તિ દરમ્યાન લાગ્યું કે વર્તમાન ગ્રાહક સંબંધી કાયદાઓ જેવા કે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫, ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ અટકાવવા માટેનો અધિનિયમ - ૧૯૫૪, તોલમાપ ધારો-૧૯૫૮, ઈજારા અને અવરોધક વેપારી નીતિ અધિનિયમ - ૧૯૬૯ વગેરે કાયદાઓ ગૂંચવડ ભર્યા અને ખર્ચાળ અને વિલંબકારી હોઈ. જેના પ્રતિસાદ રૂપે ભારત સરકારે તે વખતે કાર્યરત તમામ માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોના પ્રતિનિધિઓનો નવી દિલ્હીમાં એક સેમિનાર યોજ્યો અને તે કાયદો ઘડ્યો તે

**વિનોદ એન. પટેલ**
સી.ઈ.આઈ.
સુરેન્દ્રનગર જિલ્લા સહકારી સંઘ
સુરેન્દ્રનગર

"ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૧૯૮૬". આ ધારાને તા. ૧૫/૦૪/૧૯૮૭ થી કેન્દ્ર સરકારે ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી અમલી બનાવેલી. આ ધારામાં ચાર પ્રકરણ જેમાં કુલ ૩૧ કલમોનો સમાવેશ થયેલ છે. તેથી આ અધિનિયમ હેઠળ ગુજરાત સરકારે "ગુજરાત ગ્રાહક સુરક્ષા નિયમો-૧૯૮૮" તૈયારી કરી તા.૧૮/૦૨/૧૯૮૮ થી અમલ બનાવેલ છે. ગુજરાતમાં આ ધારાનો વિધિવત અમલ તા.૦૭/૦૯/૧૯૯૦ થી કરવામાં આવેલ છે.

**ગ્રાહકની વ્યાખ્યા :-**

આ અધિનિયમમાં ગ્રાહકની આપેલી વ્યાખ્યા મુજબ ઉપર જણાવ્યાનુસાર અવેજ આપીને કે આપવાની ખાત્રી આપીને ચીજ વસ્તુઓ કે સેવા જે વ્યક્તિ ગ્રહણ કરે તેને જ ગ્રાહક કહેવાય. એટલું જ નહીં પણ તે વ્યક્તિની સંમતિથી ખરીદેલ ચીજવસ્તુઓ કે સેવાનો અન્ય વ્યક્તિઓ ઉપયોગ કરે તો તેનો સમાવેશ પણ ગ્રાહકની વ્યાખ્યામાં થઈ જાય છે. પરંતુ જે વ્યક્તિ કિંમત ચૂકવ્યા વગર મફત ભેટમાં ચીજ વસ્તુઓ મેળવે તો તે આ અધિનિયમના હેતુ માટે ગ્રાહક ગણાશે નહીં.

**ગ્રાહક તકરારની વ્યાખ્યા :-**

ગ્રાહક તકરાર એટલે જેની વિરૂદ્ધ

ફરિયાદ કરવામાં આવી હોય તે વ્યક્તિ, ફરિયાદમાં જણાવેલ આક્ષેપોનો ઈન્કાર અથવા તકરાર કરે ત્યારે તેવી તકરાર.

**ગ્રાહક ખામીની વ્યાખ્યા :-**

ગ્રાહક ખામી એટલે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ (અથવા સ્પષ્ટ અથવા ગર્ભિત કરાર હેઠળ) જાળવવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ માલના સંબંધમાં, કોઈપણ રીતે વેપારીઓએ દાવો કર્યો હોય તેવા પ્રકાર, જથ્થા, ગુણવત્તા, શુદ્ધતા અથવા પ્રમાણમાં કોઈ ખામી અચોક્કસતા અથવા ઓછાપણું.

**ગ્રાહક તુટની વ્યાખ્યા :-**

તુટ એટલે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ જાળવવાનું ફરમાવ્યું હોય અથવા કોઈપણ સેવાના સંબંધમાં કોઈ કરાર અનુસાર અથવા અન્યથા કોઈ વ્યક્તિએ બજાવવાનું હાથ ધરવાનું હોય તેવી બજાવવાની જાત, પ્રકાર અને રીતમાં ખામી, અચોક્કસતા, ઓછાપણું અથવા અપૂરતાપણું.

**માલની વ્યાખ્યા :-**

માલ એટલે, માલ વેચાણ અધિનિયમ, ૧૯૩૦ (સન ૧૯૩૦ના ૩જા) માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો માલ.

**ઉત્પાદકની વ્યાખ્યા :-**

ઉત્પાદક એટલે બીજા કોઈપણ ઉત્પાદકે બનાવેલ અથવા ઉત્પાદિત કરેલ કોઈપણ માલ ઉપર પોતાનો માર્કો લગાવે અથવા લગાડાવે અને પોતે બનાવેલ અથવા ઉત્પાદિત કરેલ માલ હોવાનો દાવો કરે તે વ્યક્તિ.

**ગ્રાહક સેવાની વ્યાખ્યા :-**

ગ્રાહક સેવા એટલે સંભવિત વાપરનારને મળી શકે તેવી કોઈપણ પ્રકારની સેવા અને તેમાં બેન્કિંગ ધિરાણ, વીમા, પરિવહન, પ્રક્રિયા, વિદ્યુત અથવા બીજા ઊર્જાનો પુરવઠો, જમવાની અથવા મકાન બાંધકામ, મનોરંજન, આનંદપ્રમોદ અથવા સમાચાર અથવા બીજી માહિતી પૂરી પાડવાની સાથે સંકળાયેલી સગવડોની જોગવાઈનો સમાવેશ છે પણ તેમાં વિના મૂલ્યે અથવા વ્યક્તિગત સેવાના કરાર હેઠળ કોઈ સેવા બજાવવાનો સમાવેશ થશે નહીં.

**કોણ ફરિયાદ કરી શકે :-**

(૧) આ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ કોઈપણ ગ્રાહક કે માન્ય ગ્રાહક સુરક્ષા મંડળ વતી ગ્રાહકો ફરિયાદ દાખલ કરી શકે છે.

(૨) મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ ૧૮૬૦ અથવા કંપની અધિનિયમ ૧૯૫૬ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદા હેઠળ નોંધાયેલ કોઈપણ સ્વૈચ્છિક ગ્રાહક સંસ્થા.

(૩) કેન્દ્ર સરકાર

(૪) રાજ્ય સરકાર અથવા સંઘ પ્રદેશ વહીવટ

**ફરિયાદમાં શું શું હોવું જોઈએ :-**

ફરિયાદમાં નીચેની એક અથવા વધુ બાબતો સંબંધી લેખિત આક્ષેપો હોવા જોઈએ. કોઈપણ વેપારીએ સમજાવેલી ગેર વ્યાજબી વેપારી પ્રથાને પરિણામે થયેલ નુકસાન અથવા હાની. એક અથવા વધુ ખામીવાળો માલ જણાવવો. તેમજ એક અથવા વધુ ખામી વાળી સેવા જણાવવી. તેમજ નિયત કિંમત કરતાં વધુ કિંમત લીધી હોવાનું જણાવવું.

(૧) કાયદા હેઠળ અથવા તેના દ્વારા નક્કી કરેલી કિંમત કરતાં વધુ કિંમત.

(૨) માલ ઉપર જણાવેલી કિંમત કરતા વધુ કિંમત.

(૩) આવા માલવાળા પેકેટ ઉપર દર્શાવેલી કિંમત કરતાં વધુ કિંમત.

**ફરિયાદ ક્યાં અને કેવી રીતે થઈ શકે :-**

(૧) જિલ્લા ફોરમ, રાજ્ય કમિશન અથવા નેશનલ કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરી શકાય છે.

(૨) ફરિયાદી અથવા તેનો અધિકૃત એજન્ટ, રૂબરૂ ફરિયાદ રજૂ કરી શકે છે.

(૩) ફરિયાદ ટપાલ દ્વારા યોગ્ય ફોરમ/કમિશનને મોકલી શકે છે.

**ફરિયાદમાં નીચેની વિગતો દર્શાવવી જરૂરી છે**

(૧) ફરિયાદીનું નામ, વર્ણન અને સરનામું.

(૨) નક્કી કરી શકાય તે માટે સામાપક્ષ અથવા પક્ષોનું નામ, વર્ણન અને સરનામું.

(૩) ફરિયાદને લગતી વિગતો, ક્યાં અને ક્યારે ઉપસ્થિત થઈ તે.

(૪) ફરિયાદમાં કરેલા આક્ષેપોના સમર્થનમાં દસ્તાવેજ હોય તો તે બીડવાં.

(૫) ફરિયાદીએ માંગેલી દાદ.

ફરિયાદીએ અથવા તેના અધિકૃત એજન્ટે ફરિયાદમાં સહી કરવી.

**આ અધિનિયમની વ્યાપ્તિ, વિશિષ્ટતા, ન્યાયીકરણ માળખું :-**

આ અધિનિયમ જમ્મુ કાશ્મીર રાજ્ય સિવાય અને કેન્દ્ર સરકારે સ્પષ્ટ રીતે મુક્તિ આપી હોય તે સિવાયના તમામ ક્ષેત્રો, જાહેર અને સહકારી ક્ષેત્ર દ્વારા અપાયેલ માલ અને સેવાઓને લાગુ પડશે.

**જાગૃત ગ્રાહક બનીએ :-**

જન્મથી માંડી મૃત્યુ સુધી આપણે સૌ ગ્રાહક છીએ. આપણે દરરોજ કેટલીય વસ્તુનો ઉપયોગ કરીએ છીએ. જીવન જીવવા અનાજ, ખાંડ, ઘી, તેલ, કપડાં, કરિયાણું કેટલુંય જોઈએ છે. સુવિધા પૂર્ણ જીવન જીવવા માટે ટેબલ, ખુરશી, રેડિયો, ટી.વી.,

ટેલીફોન, વાહન જેવા કે જીપ, મોટરસાઈકલ, સ્કૂટર વગેરે વસ્તુઓ આપણે ખરીદનાર ગ્રાહક કહેવાય.

ગ્રાહક તરીકે આપણે ઈચ્છીએ કે ખરીદતી વખતે આપણે છેતરાઈએ નહીં, ન તોલમાપમાં કે ન ભેળસેળમાં. ખરીદેલ વસ્તુ કિંમતના પ્રમાણમાં સારી હોવા ઉપરાંત તોલ માપમાં પૂરી હોય તેવી ઈચ્છા જાગે, આ ગ્રાહકનો અધિકાર છે.

**ગ્રાહકના અધિકારો :**

(૧) સુરક્ષાનો અધિકાર:- ખરીદેલ વસ્તુ અંગે શંકા લાગે તો તે સામે સુરક્ષાના અધિકાર દ્વારા બદલાવી કે પૈસા પરત લઈ શકે છે.

(૨) માહિતી મેળવવાનો અધિકાર :- ગ્રાહક જે વસ્તુ ખરીદે છે તે વિશેની પૂરેપૂરી માહિતી મેળવવાનો અધિકાર ધરાવે છે.

(૩) પસંદગીનો અધિકાર :- પોતાની જીવન જરૂરી માલ અને સેવા મેળવવાનો અબાધિત હક્ક છે.

(૪) રજૂઆત કરવાનો અધિકાર :- ગ્રાહક પોતાના પ્રશ્ન અંગે યોગ્ય જગ્યાએ રજૂઆતો કરીને તેનો નિકાલ લાવી શકાય છે.

(૫) ન્યાય મેળવવાનો અધિકાર :- થયેલ અન્યાય માટે તે ન્યાય મેળવવા માટેની કાર્યવાહી લાવી શકે છે.

(૬) શિક્ષણ મેળવવાનો અધિકાર :- એક માહિતગાર ગ્રાહક બનવા જરૂરી જ્ઞાન અને કૌશલ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

(૭) પર્યાવરણ સહિત સમાજ રચવાનો અધિકાર :- જોખમકારક અને ભયજનક નહીં એવું તેમજ ગૌરવપૂર્ણ અને કલ્યાણકારી કહી શકાય તેવા પર્યાવરણમાં જીવવાનો તેમજ કામ કરવાનો અધિકાર.

**ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ ની મુખ્ય વિશિષ્ટતાઓ :-**

૧૯૮૬ ગ્રાહક સુરક્ષાનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોને વધારે રક્ષણ પૂરું પાડવાનો છે. આ ધારો ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની **મુખ્ય વિશિષ્ટતાઓ :-**

૧૯૮૬ ગ્રાહક સુરક્ષાનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોને વધારે રક્ષણ પૂરું પાડવાનો છે. આ ધારો દેશના સામાજિક આર્થિક કાયદાઓ ઈતિહાસમાં એક સીમા ચિહ્ન છે. ગ્રાહકોની સુરક્ષા માટે ઘડાયેલા આ એક સૌથી વધુ પ્રગતિશીલ અને સર્વગ્રાહી અધિનિયમ છે.

જેમાં ગ્રાહકોની ફરીયાદોના સાદા, ઝડપી અને બીન ખર્ચાળ નિરાકરણ માટે છે. આની વિશિષ્ટતા એ છે કે ગ્રાહક સુરક્ષા કાયદાના ઉલ્લંઘન બદલ દંડ રૂપી તેમજ શિક્ષાત્મકની જોગવાઈ છે. જે નીચે મુજબ છે.

બીજી વિશિષ્ટતા એ છે કે તેની જોગવાઈઓ વળતર પ્રકારની છે. તેમજ આ ફરીયાદ માટે માત્ર નોમીનલ ફીથી કેસ દાખલ કરી શકાય છે. પરંતુ વકીલ રાખવાનું પણ અનિવાર્ય નથી. ફરીયાદી જાતે પોતાનો કેસ રજુ કરી શકે છે. આ ધારા હેઠળ ઝડપી ન્યાય મળી રહે તે માટે ૯૦ દિવસમાં ચુકાદો આપી દેવાની સમય મર્યાદાની પણ જોગવાઈ થયેલ છે.

**આમ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ એમ ત્રિસ્તરીય અર્ધ અદાલતી જોગવાઈ કરવામાં આવી છે.**

**(૧) જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ પંચ :-**

**(District Consumers Dispute Redressal From) :-**

કે જેમાં રૂપિયા ૨૦ લાખ સુધીની ફરીયાદ દાખલ થઈ શકે છે. પ્રત્યેક જિલ્લામાં જિલ્લા અદાલત ખાતે આ પંચ કાર્યરત હોય છે. જિલ્લા ન્યાયધીશ આ પંચના ચેરમેન હોય છે. અને બે સભ્યો જેમાં એક પુરુષ સામાજિક કાર્યકર અને એક સ્ત્રી સામાજિક કાર્યકરનો સમાવેશ થાય છે. જિલ્લા ફોરમ તેની સમગ્ર કામગીરી સી.પી.સી. અને ભારતીય પુરાવાની અધિનિયમની જોગવાઈને તેમજ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫ હેઠળ કરીને નીચેનાં પ્રકારના ચુકાદા આપવાની ન્યાયીક સત્તા ધરાવે છે.

**(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન**

**(State Consumers Dispute Redressal** CommissioN) :-

કે જેમાં રૂપિયા ૨૦ લાખ થી વધુ પણ રૂપિયા ૧ કરોડ સુધીની ફરીયાદ દાખલ કરી શકાય છે. ઉપરાંત જિલ્લા ગ્રાહક તકરારો નિવારણ પંચના હુકમ સામે નારાજ પક્ષકારો ૩૦ દિવસમાં આ કમિશન સમક્ષ અપીલ દાખલ કરી શકે છે. હાઈકોર્ટના જજ આ કમિશનના અધ્યક્ષ હોય છે. તેનું સરનામું બહુમાળી બિલ્ડિંગ પહેલો અને ચોથો માળ, અપના બજાર, લાલ દરવાજા, અમદાવાદ.

**(૩) રાષ્ટ્રીય ગ્રાહક તકરાર નિવારણ કમિશન**

**(National Consumers Dispute Redressal Commission) :-**

કે જેમાં રૂપિયા ૧ કરોડથી વધુની કોઈપણ ફરીયાદ દાખલ થઈ શકે છે ઉપરાંત રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હુકમ સામે નારાજ પક્ષકાર ૩૦ દિવસમા આ કમિશન સમક્ષ અપીલ કરી શકે છે. આ કમિશનના નિર્ણય સામે માત્ર સુપ્રિમ કોર્ટમાં જ અપીલ થઈ શકે છે. સુપ્રિમ કોર્ટના જજ આ કમિશનના અધ્યક્ષ હોય છે. તેનું સરનામું જનપથ ભવન, ઓલ્ડ ઈન્ડિયન ઓઈલ ભવન, પાંચમાં માળે, એવીગ જનપથ, ન્યૂ દિલ્હી.

યોગદર્શન

### અષ્ટાંગ યોગ

# સાધનાની પૂર્ણાહુતિ એટલે સમાધિ

અષ્ટાંગયોગના આઠ સોપાન યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન સમજતા સમજતા આપણે આઠમા સોપાન સમાધિ સુધી પહોંચી ગયા... સમાધિ શબ્દ આપણે વ્યવહારજીવનમાં અવારનવાર ઉપયોગ કરતા રહીએ છીએ. કોઈ મિત્ર, ભાઈ કે વ્યક્તિ પલાઠી વાળી, આંખો બંધ કરી શાંતિથી બેઠો હોય ત્યારે આપણે રમૂજમાં કહીએ છીએ કે, ભાઈને તો સમાધિ લાગી ગઈ...! જેટલી સરળતાથી આપણે સમાધિ શબ્દ બોલીએ છીએ, તેટલી સરળતાથી સમાધિના સ્તરે પહોંચવું કે સમાધિ સ્થિતિને પામી શકાતી નથી.

ધારણામાં પરિપક્વતા આવે એટલે ધ્યાન સધાય. ધારણાના સતત એકધારા અભ્યાસથી ચિત્તની વૃત્તિ જે દેશ, પ્રદેશ, વસ્તુ-ધ્યેયમાં લાગી હોય તેમાં બરાબર જોડાઈ જાય અને પાણીના એકધારા પ્રવાહની જેમ એકતાનતાથી વહેવા માંડે તેને ધ્યાન કહે છે. જ્યારે લાંબો સમય સુધી ચિત્તની એકાગ્રતા ટકી રહે અને ધ્યાનધારા અખંડિત બને ત્યારે યોગની સર્વોચ્ચ ભૂમિકા સમાધિમાં યોગસાધક પ્રવેશે છે.

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૯
મો. ૯૯૯૨૮૩૩૨૯૮

મહર્ષિ પતંજલિએ ‘પાતંજલ યોગદર્શન’ની રચના કરી. ‘પાતંજલ યોગદર્શન’ ચાર પાદ એટલે કે ચાર અધ્યાય અને કુલ ૧૯૫ સૂત્રમાં છે. સમાધિપાદ, સાધનપાદ, વિભૂતિપાદ અને કૈવલ્યપાદ. ઋષિ મહર્ષિ પતંજલિએ પ્રથમ સમાધિપાદમાં સમાધિની અને તેની જુદી જુદી અવસ્થાઓની સમજ આપી. સમ્પ્રજ્ઞાત સમાધિ, અસમ્પ્રજ્ઞતા સમાધિ, ધર્મમેઘ સમાધિ અવસ્થાની સમજ સમાધિપાદના બીજા સૂત્રમાં આપી છે :- યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ અર્થાત ચિત્તને અનેકવિધ તરંગો ધારણ કરતું અટકાવવું એટલે યોગ. સરળ ભાષામાં કહીએ તો મનને વિચારવમળોમાંથી મુક્ત કરવું. મનને ખાલીખમ કરવું. મનની એકાગ્રતા એટલે સમાધિ. સ્વદર્શન, આત્મદર્શનની અનુભૂતિ કરતાં કરતાં પરમાત્માના દર્શન કરવા. પરમતત્વમાં એકાકાર થઈ જવું. આત્માનું પરમાત્મા સાથે એકરૂપ થઈ જવું એટલે યોગ. જીવનું શિવ સાથે જોડાઈ જવું એટલે યોગ. અને આ યોગ એ જ સમાધિ.

આ રીતે, મહર્ષિ પતંજલિએ યોગદર્શનના પ્રથમપાદનાં બીજા સૂત્રમાં

સમાધિની સમજ આપી અને છેક ત્રીજા વિભૂતિપાદનાં સૂત્ર-૩માં સમાધિની વ્યાખ્યા આ રીતે આપી છે :- તદેવાર્થમાત્રનિર્ભાસં સ્વરૂપ શૂન્યમિવ સમાધિઃ - અર્થાત તે ધ્યાન જ સમાધિ કહેવાય છે, જ્યારે તેમાં માત્ર ધ્યેય અર્થ સ્વરૂપે ભાસે છે તથા ધ્યાનનું પોતાનું સ્વરૂપ શૂન્ય થઈ જાય છે. સમાધિ ઉત્તમ સુખમય અને જીવનને સફળ કરનારી અવસ્થા છે. જે સાધકને સમાધિ અવસ્થાની અનુભૂતિ થઈ જાય પછી તેની દશા સાવ બદલાય જાય છે.

સમાધિ ધ્યાનનું પરિપક્વ ફળ છે. ધ્યાનની સંપૂર્ણતા એટલે સમાધિ. ધીમે ધીમે અભ્યાસ કરતાં કરતાં ધ્યાન ગાઢ બનતા ચિત્ત પોતાના ધ્યેયપદાર્થમાં ઓગળી જાય છે. ચિત્ત પોતાના સ્વરૂપને તદન ભૂલી જાય છે. ચિત્ત ધ્યેયમાં પૂર્ણપણે એકરૂપ બની જાય છે. આ અવસ્થા તે સમાધિ ! ધ્યાન, ધ્યાન કરનાર ધ્યાતા અને ધ્યેય એકાકાર બની જાય તે અવસ્થા એટલે સમાધિ. સમાધિ અવસ્થાએ પહોંચવા સતત નિરંતર, ઘણો લાંબો સમય સુધી સાધકે અભ્યાસ કરતા રહેવું પડે છે. સમાધિ અવસ્થા પ્રાપ્ત થતાં સાધકને જીવનમાં અનેરી શાંતિ અનુભવાય છે.

ધ્યાનની સર્વોચ્ચ દશાએ સાધક સમાધિની અવસ્થાએ પહોંચે છે. આ અવસ્થાએ સાધકની સ્થિતિ નિંદ્રાવસ્થામાં હોય તેવાં તેનાં શરીર અને ઈન્દ્રિયો શાંત હોય છે, અને જાગ્રત અવસ્થામાં હોય તેવાં તેનાં મન અને બુદ્ધિ સજાગ, સક્રિય અને સાવધ હોય છે. સાધકની સાધનાની પૂર્ણાહુતિ એટલે સમાધિ.

આગળના ધારણા અને ધ્યાન અંગેના લેખોમાં આપણે સમજ્યાં કે કોઈ બાહ્ય પદાર્થ કે શરીરના કોઈ આધ્યાત્મિક કેન્દ્ર ચક્રો ઉપર મન-ચિત્તને એકાગ્ર કરતાં કરતાં ધ્યાનાવસ્થાએ પહોંચાય અને ધ્યાનના સતત અભ્યાસથી સમાધિ સ્થિતિએ પહોંચાય છે. એટલે કે તે પદાર્થની અંદર સંયમ થયો એમ કહેવાય. આમ, ધારણા, ધ્યાન અને સમાધિ ત્રણેનું સમન્વયકારક સ્વરૂપ એટલે સંયમ.

શ્રીમદભગવદગીતાના બીજા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને સમાધિસ્થની સ્થિતિ સમજાવતા કહે છે કે - હે પાર્થ! જ્યારે મનમાં ઊઠતી બધી કામનાઓનો મનુષ્ય ત્યાગ કરે છે અને આત્મામાં આત્મા વડે જ સંતુષ્ટ રહે છે. ત્યારે તે સ્થિતપ્રજ્ઞ-સમાધિસ્થ કહેવાય છે.

સમાધિ અવસ્થાએ સાધકને અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. આ અલૌકિક આનંદની અનુભૂતિ અવર્ણનીય છે. સાધકની દશા "ગુંગે કેરી સરકરા ખાઈ ઓર મુસ્કાય..." જેવી બની જાય છે. સમાધિ દશાના અનુભવો અંગે આપણાં ઋષિમુનિઓ કહેતા કે- "નેતિ... નેતિ...એ આ નથી...એ આ નથી."

**ડિજિટલ પ્રવાહ**

# ભારતના સહકારી દૂધ ક્ષેત્રમાં શ્વેતક્રાંતિ બાદ હવે, "AI ક્રાંતિ" નો સૂર્યોદય

હવે, ગાય-ભેંસથી ગ્રાહક સુધી, ભારતના સહકારી દૂધ ક્ષેત્રમાં શ્વેતક્રાંતિ બાદ હવે, "AI ક્રાંતિ"નો સૂર્યોદય થઈ રહ્યો છે. આઝાદી પહેલાં દૂધની અછત ભોગવતો આપણો દેશ આજે "દૂધની નદીઓ વહાવતો થયો છે. જૂના સમયમાં દૂધનો વ્યવસાય અત્યંત અસંગઠિત હતો. અને, પશુપાલન માત્ર ઘરગથ્થુ જરુરિયાત પૂરતું મર્યાદિત હતું, ગામડાઓમાં દૂધ વિનિમય પ્રથાના રુપમાં ક્યાંક ક્યાંક વહેચાતું હતુ, દૂધના વેપારમાં વચોટિયાઓનું વર્ચસ્વ હતું, જેના કારણે પશુપાલકોને યોગ્ય ભાવ મળતા નહોતા. આ સાથે, દૂધની શુધ્ધતા માપવા માટે કોઈ વૈજ્ઞાનિક સાધનો અને ચોક્કસ વિતરણ વ્યવસ્થા પણ નહોતી. આ બધી સમસ્યાઓને વટાવતો વટાવતો આ વ્યવસાય આજે ૨૧મી સદીના ૨૫ વર્ષ બાદ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને આધુનિક વિજ્ઞાનને અપનાવી પોતાનું નસીબ બદલવા માટે સૂસજ્જ બન્યો છે. આજે ભારત વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતો દેશ છે. ભારત આજે વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં આશરે ૨૪% થી ૨૫% હિસ્સો ધરાવે છે. અને, ૧૯૫૦માં ભારતમાં માથાદીઠ માત્ર ૧૨૪ ગ્રામ/દિવસ દૂધ ઉપલબ્ધ હતું, જે ૨૦૨૪-૨૫ સુધીમાં વધીને ૪૫૦ ગ્રામ/દિવસથી વધુ થવા પામ્યું છે. આ આંકડાઓ સાબિત કરે છે કે, ભારતનું દૂધનું સહકારી માળખું અને પશુપાલકોની મહેનત વિજ્ઞાન સાથે ભળીને અદભૂત પરિણામો આપી રહ્યા છે.

**ધર્મેશભાઈ એમ. દવે**
અધ્યાપક
ગુજરાત સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર,
મહેસાણા

ભારતના સહકારી દૂધ ઉદ્યોગને ત્રણ તબક્કામાં સમજવો જોઈએ જેમાં (૧) ૧૯૫૦ થી ૧૯૭૦ : આ ગાળામાં ભારતનો દૂધનો વૃદ્ધિદળ સ્થિર હતો. અને આ ૨૦ વર્ષ દરમ્યાન ભારત દૂધની આયાત કરતો દેશ હતો. (૨) ૧૯૭૦ થી ૨૦૦૦ : શ્વેતક્રાંતિના ભાગરુપે ડૉ.વર્ગીસ કૂરિયનના સહકારી મોડેલને ભારે સફળતા મળતાં ભારતના દૂધ ઉત્પાદનમાં ૨૫% થી વધુનો ઉછાળો જોવા મળ્યો. (૩) ૨૦૧૦ થી

૨૦૨૫ : વિતેલા ૧૫ વર્ષ દરમ્યાન પશુપાલનના વ્યવસાયમાં ટેકનોલોજીનો પ્રવેશ થવાથી તેના અભૂતપૂર્વ પરિણામો જોવા મળ્યા છે. આ સમયગાળામાં ભારતનું દૂધ ઉત્પાદન લગભગ બમણું થઈ ગયું છે. આ વધારો માત્ર પશુઓની સંખ્યા વધવાથી નહીં પરંતુ માથાદીઠ પશુ ઉત્પાદકતા (Yield per animal) વધવાને કારણે થયો છે. આ કવર સ્ટોરીના મૂળ ઉદ્દેશને સમજવા માટે આપણે ૧૯૪૭ના વર્ષથી શરુ કરી આજે ૨૦૨૬ સુધીની ભારતની દૂધયાત્રાને સમજવી પડશેઃ

૧૯૪૭-૧૯૫૦ (આઝાદીનો સમય): આઝાદ ભારતના પ્રારંભિક તબક્કે આપણા દેશમાં માત્ર દેશી ગાય-ભેંસ અને પરંપરાગત ખોરાક સાથે પશુપાલન થઈ રહ્યું હતું, જેના પરિણામે સમગ્ર દેશનું દૂધ ઉત્પાદન માત્ર ૧૭.૦ મેટ્રિક ટન હતું.

૧૯૬૦ - ૧૯૭૦ (શ્વેતક્રાંતિ પૂર્વનો સમય): આ સમય દરમ્યાન ભારતમાં દૂધ ઉત્પાદનમાં ખૂબ ધીમો વિકાસ થવા પામ્યો હતો. અને વસ્તીના પ્રમાણમાં દૂધની ભારે અછત વર્તાઈ રહી હતી. આ દરમ્યાન ભારતનું દૂધ ઉત્પાદન ૨૦-૨૨ મેટ્રીક ટન નોંધાયું હતું.

૧૯૭૦-૧૯૯૦ (ઓપરેશન ફ્લડ): શ્વેતક્રાંતિના પગરવ મંડાતા ભારતમાં દૂધક્ષેત્ર સંગઠિત થવાની શરુઆત થઈ અને સહકારી દૂધ મંડળીઓની સ્થાપનાઓ થવાથી આ ૨૦ વર્ષના ગાળા દરમ્યાન ભારતમાં ૨૨ થી ૫૪ મેટ્રીક ટન દૂધનું ઉત્પાદન થવા પામ્યું.

૨૦૦૦ - ૨૦૧૦ (૨૧મી સદીનો પ્રારંભ): આ સમયગાળા દરમ્યાન ભારતના પશુઓમાં સંવર્ધન (Breeding) અને રસીકરણના વિજ્ઞાનનો ઉપયોગ થવા લાગ્યો જેના પરિણામે, આ સમયગાળા દરમ્યાન આપણા દેશમાં ૮૦ થી ૧૨૧ મેટ્રીક ટન દૂધનું ઉત્પાદન શક્ય બન્યું.

૨૦૨૦-૨૦૨૫ (આધુનિક ટેકનોલોજી યુગ): વિતેલા આ પાંચ વર્ષમાં ભારતના પશુપાલન વ્યવસાયમાં સમગ્ર વિશ્વના વૈજ્ઞાનિક આવિષ્કારોનો સમાવેશ અને અભ્યાસ થવાથી AI, ડેટા એનાલિટિક્સ અને હાઈ-ટેક પશુઆહારને અપનાવવામાં આવ્યો જેના પરિણામ સ્વરુપ ભારતનું દૂધ ઉત્પાદન ૨૦૯ થી ૨૪૦+ મેટ્રીક ટન દૂધ ઉત્પાદન નોંધાયું છે. આમ, ઉપરના ૧૯૪૭ થી લઈને ૨૦૨૫ના વર્ષની યાત્રામાં આપણે ભારતની દૂધયાત્રા જે ગતિથી વિકાસને વરી છે તે સ્પષ્ટ જોઈ શકીએ છીએ. જે દૂધ ૧૯૪૭ના વર્ષમાં માત્ર ૧૭ મેટ્રીક ટન હતું તે, ૧૯૨૫ના વર્ષમાં ૨૪૦+ મેટ્રીક ટનથી વધારે થઈ રહ્યું છે જે ૨૨૩ મેટ્રીક ટનનો તોતિંગ વધારો સૂચવે છે. આનું કારણ એ નથી કે માત્ર

પશુઓ વધ્યા છે આનું એક માત્ર કારણ આ ક્ષેત્રમાં વિજ્ઞાનનો પ્રવેશ થયો છે. ગુજરાતના વિવિધ ૨૧ દૂધ સંઘો એક સાથે જોડાયા તથા કેન્દ્ર કક્ષાએ NDDB (નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ) અને NDP (રાષ્ટ્રીય ડેરી પ્લાન) ની સ્થાપના તથા શિક્ષણમાં ડેરી ટેકનોલોજીનો પ્રવેશ થવાથી વિજ્ઞાનના નવા નવા સંશોધનો તથા વિશ્વના દૂધ ઉત્પાદન અને ડેરી ઉદ્યોગનો અભ્યાસ થયો જેના પરિણામે સામાન્ય પશુપાલકોને પણ આ વિજ્ઞાનની મદદ મળતી થઈ. શરુઆતના દિવસોમાં દૂધને ચકાસવાના કોઈ ચોક્કસ સાધનો ઉપલબ્ધ નહોતા ત્યાં શરુઆતના તબક્કામાં યાંત્રિકીકરણનો પ્રવેશ થયો અને દૂધ માપવા માટે ગરબર મશીન અને બાદમાં, ઈલેક્ટ્રોનિક મિલ્ક ટેસ્ટર મશીનોનો પ્રવેશ થયો. અને, ત્યારબાદ કૃત્રિમ બીજદાન તથા ઘાસચારાની સાથે સાથે મિનરલ મિક્સર તથા વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતા પશુઆહાર (TMR) થી દૂધનો ફેટ અને પ્રોટીનમાં વધારો થયો. કોલ્ડ ચેઈન મેનેજમેન્ટમાં બલ્ક મિલ્ક કુલર (BMC) આવી જવાથી દૂધ બગડવાનું પ્રમાણ ૦% થઈ ગયું.

અને હવે, ભારતના દૂધક્ષેત્રને વધુ મજબૂત કરવા કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકારે ''સહકારિતા મંત્રાલય''ની સ્થાપના કર્યા બાદ, તેના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વિજ્ઞાનના છેલ્લામાં છેલ્લા આવિષ્કારો સાથે આર્ટીફિશીયલ ઈન્ટેલીજન્સ (AI) ના પ્રવેશથી શ્વેતક્રાંતિ ૨.૦ નો પ્રારંભ થઈ ચૂક્યો છે.

ભારતનો સહકારી દૂધ ઉદ્યોગ હવે, વિશ્વની તમામ સરહદોને પાર કરી આખા જગતમાં પોતાનું આધિપત્ય સ્થાપવા થનગની રહ્યો છે. અમૂલ હવે, માત્ર દૂધ એકત્રિત કરતી સંસ્થા નથી રહી પણ, એક ટેક્નોલોજી આધારિત ''ડેટા કંપની'' બની રહી છે. અમૂલના વિઝન મુજબ AIનો ઉપયોગ મુખ્યત્વે ત્રણ સ્તરે થઈ રહ્યો છે.

દૂધ ઉત્પાદનના આંકડાકીય વિશ્લેષણ

**(૧) સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ**

**(Supply Chain Optimization)**

ભારતના લાખો ગામડાઓમાંથી દૂધ એકત્રિત કરવું એ સૌથી મોટું પરિવહન અને સંગ્રહ વ્યવસ્થાનો પડકાર છે. જેથી હવે, અમૂલ રુટ ઓપ્ટિમાઈઝેશન હેઠળ AI અલ્ગોરિધમ્સ દ્વારા દૂધના ટેન્કરોને કયા રસ્તેથી જવું જેથી સમય અને ઈંધણની બચત થાય તથા દૂધ બગડ્યા વગર પ્રોસેસિંગ પ્લાન્ટ સુધી પહોંચે. આ સાથે આ પ્રથમ સ્તરમાં અમૂલે ડિમાન્ડ ફોર કાસ્ટિંગ હેઠળ તહેવારો અને ખાસ સીઝનમાં AI દ્વારા કયા શહેરમાં કેટલા દૂધ, છાશ કે પનીરની જરુર

પડશે તેના અનુમાન થકી સ્ટોકની અછત ના વર્તાય તેનું બારીકાઈથી નિરીક્ષણ જૂના સમયને ધ્યાનમાં લઈ આવનાર તહેવાર કે સીઝનને લક્ષમાં રાખી પૂરવઠો તૈયાર રખાશે.

નીચે આપેલા આંકડાઓ મિલિયન ટન (MT) માં છે, જે શ્વેતક્રાંતિ અને ત્યારબાદ આવેલી આધુનિક ટેકનોલોજીની અસર સ્પષ્ટ કરે છેઃ

| વર્ષ/દાયકો | દૂધ ઉત્પાદન (MT માં) | મુખ્ય સીમાચિન્હ / ફેરફાર |
|---|---|---|
| ૧૯૫૦-૫૧ | ૧૭.૦ MT | આઝાદી પછીની પ્રાથમિક સ્થિતિ |
| ૧૯૬૦-૬૧ | ૨૦.૦ MT | ઉત્પાદનમાં અત્યંત ધીમી વૃધ્ધિ |
| ૧૯૭૦-૭૧ | ૨૨.૦ MT | શ્વેતક્રાંતિની શરુઆત |
| ૧૯૮૦-૮૧ | ૩૧.૬ MT | સહકારી માળખું મજબૂત બન્યું |
| ૧૯૯૦-૯૧ | ૫૩.૯ MT | દૂધ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા |
| ૨૦૦૦-૦૧ | ૮૦.૬ MT | ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે પહોંચ્યું |
| ૨૦૧૦-૧૧ | ૧૨૧.૮ MT | આધુનિક પશુઆહાર અને વિજ્ઞાનનો પ્રવેશ |
| ૨૦૧૫-૧૬ | ૧૫૫.૫ MT | રાષ્ટ્રીય ડેરી પ્લાન (NDP) ની અસર |
| ૨૦૨૦-૨૧ | ૨૦૯.૯ MT | ડિજીટલ ટેકનોલોજી અને ડેટાનો ઉપયોગ |
| ૨૦૨૩-૨૪ | ૨૩૦.૬ MT (અંદાજીત) | વાર્ષિક વૃદ્ધિદરમાં ૫-૬% નો વધારો |
| ૨૦૨૪-૨૫ | ૨૪૦-૨૪૫ MT (લક્ષ્યાંક) | AI અને સ્માર્ટ પશુપાલનનો પ્રારંભ |

ભારતને દૂધ ઉત્પાદનની બાબતમાં વિશ્વમાં પ્રથમ ક્રમે પહોંચાડવામાં આ વ્યવસાયના સહકારી માળખાનો સિંહફાળો રહ્યો છે. સમગ્ર ભારત અને એમાંય, વિશેષ ગુજરાતમાં દૂધના સહકારી ક્ષેત્રને જબરજસ્ત સફળતા પ્રાપ્ત થઈ છે. અમૂલનો ઉદભવ એ આ સમૃદ્ધિ માટે સૌથી મોટો વિકલ્પ બનીને પશુપાલકોને સંગઠિત કરી - દૂધ ઉત્પાદન અને દૂધ સંકલન તથા દૂધ અને દૂધ ઉત્પાદનોના વિતરણ માટે એક મજબૂત પ્લેટફોર્મ બનીને આજે સમગ્ર વિશ્વ સામે એક મહાન ઉદાહરણ બની આપણને બધાને ગૌરવ અપાવી રહ્યું છે.

ભારતમાં પશુપાલનના વ્યવસાયને રોકેટ ગતિએ વેગ આપનાર મુખ્ય પરિબળોમાં વિજ્ઞાનનો પ્રભાવ નકારી શકાય તેમ નથી. ૨૦૧૫ થી ૨૦૨૫ વચ્ચે જે દૂધ ઉત્પાદનમાં ઉછાળો આવ્યો તેના મુખ્ય કારણોમાં, સરકાર અને સહકાર બંનેનો સમન્વય રહ્યો છે. પરંપરાગત થતા

પશુપાલનમાં વિજ્ઞાનનો પ્રવેશ થવાથી આ વ્યવસાય ધીમી પણ નક્કર ગતિએ આજે વિશ્વમાં પ્રથમ ક્રમે ભારતને લઈ આવ્યો છે. ડૉ. વર્ગીસ કુરિયનના નેતૃત્વમાં ‘‘અમૂલ મોડેલ’’ નો વિકાસ

### (૨) ક્વોલિટી કંટ્રોલ

**(AI-Powered Quality Checks)**

અમૂલના તમામ આધુનિક પ્લાન્ટ્સમાં હવે, AI કેમેરા અને સેંસર્સ લગાવવામાં આવ્યા છે જેથી, પેકિંગમાં કોઈ ખામી હોય તો અથવા દૂધના પેકેટનું વજન ઓછુ હોય તો AI સિસ્ટમ તેને તરત લાઈનમાંથી બહાર કરી દે છે. તથા AI આધારિત હાઈ-લેબોરેટરીમાં સોફ્ટવેરના માધ્યમથી ભેળસેળનો રિપોર્ટ સેકંડોમાં મળી જશે. ઈલેક્ટ્રોનિક મિલ્ક ટેસ્ટીંગથી આગળ વધીને હવે, “AI-Optical Sensros” તરફ વળી રહી છે. જેમાં દૂધમાં યુરિયા, ડિટર્જન્ટ, બહારથી નાખવામાં આવેલ કોઇ તૈલી પદાર્થ અથવા અન્ય કોઇ ભેળસેળને આ AI સેન્સર્સ સેકન્ડોમાં પકડી પાડવા માટે સક્ષમ હોવાથી હવે, દૂધમાં રહેલ કોઈ માનવીય ભૂલ કે છેતરપીંડી શક્ય નહી બને અને શુધ્ધ - પ્રતિશુધ્ધ દૂધની પશુપાલકને યોગ્ય કિંમત મળવાની સાથે બજારમાં ભેળસેળ અને વિવિધ મિલાવટો સાથે મળતું દૂધ બંધ થઈ જવા પામશે. આ સાથે, જો ટેન્કરમાં દૂધનું તાપમાન વધી જશે તો AI સિસ્ટમ આ અંગેની જાણ તરત જ જે-તે પ્લાન્ટના જવાબદાર અધિકારીને કરશે જેથી દૂધ ફાટી જવાની સમસ્યા અટકી જશે.

### (૩) પશુદીઠ ઉત્પાદકતા અને સ્વાસ્થ્ય

**(Cattle Intelligence)**

અમૂલે હાલમાં, હજારો પશુઓ પર AI સેન્સર્સ અને ડિજિટલ ટેગિંગનો પ્રયોગ શરુ કર્યો છે, જેમાં, AI ફેસિયલ રેકગ્નીશન (ચહેરા ઓળખવાની પદ્ધતિ) દ્વારા પશુઓની ઓળખ કરવામાં આવે છે. જેનાથી હવે, વીમા અને લોન પ્રક્રિયા ઘણી સરળ બનશે. આ સાથે, AI મોડેલ્સ દ્વારા પશુઓના દૂધની ગુણવત્તાની સાથે તેમના સ્વાસ્થ્ય મુજબ કયું ‘‘પશુ દાણ’’ કેટલા પ્રમાણમાં આપવું તે નક્કી થશે. આને “Precision Feeding” કહેવામાં આવે છે.

- Digital Transfromation in Dairy
  આગામી સમયમાં ‘‘પશુ આધાર’’ અને AI ના મિશ્રણથી દરેક પશુપાલક પાસે પોતાના પશુનું આખું ‘‘હેલ્થ કાર્ડ’’ મોબાઈલમાં હશે. જયારે પણ પશુ ગરમીમાં (HEAT) આવે અથવા બીમાર પડે, ત્યારે AI દ્વારા પશુપાલકના મોબાઈલ પર મેસેજ જશે. જેથી સમયસર પશુઓને યોગ્ય સારવાર મળી રહે. જૂના વખતમાં, પશુ બિમાર હોય તો તેના લક્ષણો દેખાય ત્યારે જ બિમારીની ખબર પડતી હતી. પણ, હવે

AI ના આગમનથી "પૂર્વ-નિદાન" (Predictive Analysis) શક્ય બનશે.

- **સ્માર્ટ કોલર (Smart Collars):** AI ટેકનોલોજીથી સુસજ્જ એવા પશુના ગળામાં લગાવેલ આ સ્માર્ટ કોલરમાં રહેલા સેન્સર પશુની વાગોળવાની પ્રક્રિયા (Rumination) અને તેની ચાલવાની પદ્ધતિ ઉપર સતત નજર રાખશે અને જો પશુ ઓછુ વાગોળશે તો તરત જ AI પશુપાલકના રજિસ્ટર્ડ મોબાઈલ ઉપર પશુપાલકને એલર્ટ મોકલશે.
- **સચોટ ગર્ભાધાનઃ AI** ડેટા દ્વારા "હીટ પિરિયડ"ની ૯૯% સચોટ માહિતી મળતી હોય છે. જેથી, પશુ ગાભણ રહેવાના ઉત્તમ સમયે પશુપાલકને માહિતી મળી રહેતાં આ ગોલ્ડન પિરિયડમાં ગર્ભાધાન શક્ય બનવાથી એક-એક પશુના દૂધ ઉત્પાદનનો પશુપાલક ભરપૂર ઉપયોગ કરી શકશે. તેમજ AIની વૈજ્ઞાનિક મદદથી ગર્ભાધાન પછી પણ, પશુઓની કરવી પડતી માવજત અંગે પશુપાલકને સમયાંતરે તેના મોબાઈલમાં સૂચનો મળતા રહેશે.

અમૂલ અને તેની સાથે જોડાયેલી ગુજરાત અને સમગ્ર ભારતની સહકારી ડેરીઓ હવે "ઇલેક્ટ્રોનિક મિલ્ક ટેસ્ટીંગથી આગળ વધીને હવે, "Al-Optical Sensros" તરફ વળી રહી છે. જેમાં દૂધમાં યુરિયા, ડિટર્જન્ટ, બહારથી નાખવામાં આવેલ કોઇ તૈલી પદાર્થ અથવા અન્ય કોઇ ભેળસેળને આ AI સેન્સર્સ સેકન્ડોમાં પકડી પાડવા માટે સક્ષમ હોવાથી હવે, દૂધમાં રહેલ કોઈ માનવીય ભૂલ કે છેતરપીડી શક્ય નહી બને અને શુધ્ધ - પ્રતિશુધ્ધ દૂધની પશુપાલકને યોગ્ય કિંમત મળવાની સાથે બજારમાં ભેળસેળ અને વિવિધ મિલાવટો સાથે મળતું દૂધ બંધ થઈ જવા પામશે. આ સાથે, જો ટેન્કરમાં દૂધનું તાપમાન વધી જશે તો AI સિસ્ટમ આ અંગેની જાણ તરત જ જે-તે પ્લાન્ટના જવાબદાર અધિકારીને જાણ કરશે જેથી દૂધ ફાટી જવાની સમસ્યા અટકી જશે. AI હવે, દૂધ પરિવહન કરતાં ટેન્કરો માટે એવો રસ્તો પસંદ કરશે જે માર્ગ ઉપર ટ્રાફિક ઓછો હશે અને ત્યાં ઈંધણ બચવાની શક્ય હશે. તો, પશુપાલકે હવે - માત્ર લાકડી લઈને પશુ ચરાવવા નથી જવાનું પણ, હાથમાં સ્માર્ટ ફોન લઈને ડેરી ફાર્મનું સંચાલન કરી કુશળતાથી કમાવવાનો સમય આવી ગયો છે.

। જય હિન્દ જય સહકાર,
જય જવાન જય કિશાન ।

સ્ત્રોતઃ દૂધસાગર પત્રિકા

સહકારિતા

# સહકારી મંડળીએ લેવાનાં પગલાંઓ

જ્યારે કોઈ સરખી જરૂરિયાતવાળા માણસો સમૂહ, જે કે ચોક્કસ વર્ગના આર્થિક વિકાસ માટે તેમની સમાન જરૂરિયાતો સંતોષવા માટે સૌ સાથે રહીને પરસ્પર સહકારની ભાવના રાખી કોઈ સંગઠન ઊભું કરવામાં આવે અને આ સંગઠનની સહકારી કાયદાની જોગવાઈ હેઠળ નોંધણી કરવામાં આવે ત્યારે નોંધણી થયા પછી આ સંસ્થા એક સહકારી મંડળી બને છે.

સહકારી મંડળીની કાયદાકીય રીતે નોંધણી થયા પછી મંડળી તેના ઉદ્દેશો મુજબ સભાસદોની જરૂરિયાત મુજબ ધંધાકીય વિકાસ, નાણાકીય વિકાસ, સેવાની પ્રવૃત્તિ, નવીનતમ વ્યવસાય અને સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વ વિગેરે બાબતમાં ઉત્તરોત્તર આગળ વધતી રહેવી જોઈએ. મંડળીનો વહીવટ એવી રીતે કરવો જોઈએ કે તેના સભાસદોમાં વિશ્વાસ વધે અને મંડળીની આગવી ઓળખ ખૂબ સારી રીતે ઊભી થાય, જેથી મંડળીને તંદુરસ્ત અને પૂર્ણ વિકસીત કરી શકાય.

જ્યારે કુટુંબમાં આપણે ત્યાં કોઈ બાળકનો જન્મ થાય ત્યારે બાળકના તંદુરસ્ત વિકાસ, શૈક્ષણિક વિકાસ, આર્થિક વિકાસ, સામાજિક-સાંસ્કારિક વિકાસ માટે મા-બાપ અને પરિવાર જવાબદાર છે. બાળક ઉપર પૂરતી દેખરેખ, દીર્ઘદષ્ટિ રાખીને સતત માર્ગદર્શન અને બાળકની પોતાની ધગસ કે તાલાવેલી હોય તો બાળકનો સંપૂર્ણ વિકાસ થાય છે, આનાથી વિરૂદ્ધ જ્યારે બાળકનું કોઈ સાર સંભાળ રાખનાર ન હોય, કોઈ માર્ગદર્શન આપનાર ન હોય, રોગ-બીમારીમાં કોઈ સારવાર કરનાર ન હોય, કોઈ જાતનું રક્ષણ મળે તેમ ન હોય તો આવું બાળક કોઈ પ્રકારનો વિકાસ કરી શકતું નથી, અસ્તિત્વ ટકાવી શકતું નથી. પરિણામે અકાળે મૃત્યુ પામે છે. આજ વાત આપણી સહકારી મંડળીને પણ લાગુ પડે છે.

નવી મંડળીનો જન્મ થયા પછી તેના ઉદ્દેશ મુજબ આગળ ચલાવવાની સભાસદોના હિતમાં ચલાવવી, ધંધાકીય વિકાસ થાય તે મુજબ ચલાવવી, સભાસદોની માંગ અને નવા જમાનાની જરૂરિયાત મુજબ આગળ વધતા રહેવું એ તંદુરસ્ત અને આદર્શ મંડળીના ગુણધર્મો છે. ફડચામાં મંડળીને બંધ પાડવી કે ફડચામાં લઈ જવી તેના માટે વ્યવસ્થાપક કમિટી જ જવાબદાર છે જે મંડળીના સભાસદોમાંથી જ ચૂંટાઈને આવેલા હોય છે. તમામ સભાસદોએ કમિટી સભ્યો ઉપર વિશ્વાસ મૂક્યો છે. અને વહીવટની પૂરી સત્તા

**એસ. પી. ઠાકર**
અધ્યાપક
ગુજરાત સહ. વ્ય. કેન્દ્ર, રાજકોટ.

આપેલી છે કમિટીના તમામ સભ્યો સાથે મળીને મંડળીના તમામ સભ્યોની જવાબદારી નિભાવવાની હોય છે અને પોતાની ફરજ બજાવવાની હોય છે. સહકારી કાયદો - મંડળીના પેટા નિયમોની મર્યાદામાં રહીને શુદ્ધ દાનતથી સભાસદોના હિતમાં સંચાલન કરવાનું હોય છે, જે પણ મંડળી કાર્યક્ષમતા પૂર્વક ચાલે છે અને સારો વિકાસ કર્યો છે તેની આગવી ઓળખ ઊભી થઈ છે, તેવી મંડળીઓ હજુ પણ આગળ વધતી રહેવાની છે. પરંતુ જે મંડળી મંદ પડેલ છે કે કોઈ મોટી મુશ્કેલીમાં સલવાઈ છે અને ઉત્તરોત્તર નબળી પડતી જાય છે. મંડળીને આવી સ્થિતિમાંથી બહાર કાઢવા માટે નીચે મુજબના પગલાં, તકેદારી અને કાર્યવાહી રાખવી જરૂરી છે.

સહકારી મંડળી સભાસદો માટે છે, સભાસદોથી ચાલતી મંડળી છે, અને સભાસદોની મંડળી છે. ત્યારે મંડળીને તંદુરસ્ત અને આર્થિક સધ્ધર બનાવવા માટે સભાસદોની જાગૃત્તિ, સભાસદોનો સંપ અને સભાસદોનો સહકાર સૌથી પાયાની જરૂર છે.

૧. મંત્રી/મેનેજર અને પ્રમુખ પોતાનું હિત સાધવા અપ્રમાણિકતા આચરી આર્થિક નુકસાન જાય તેવા એકહથ્થુ વહીવટ કરતા હોય તો તેમને દૂર કરવા જોઈએ.

૨. પ્રમુખ અને વ્યવસ્થાપક કમિટીના દરેક સભ્યોને મંડળી માટે શુદ્ધ દાનતથી કામ કરવાની ઈચ્છા ન હોય તો આવી કમિટી દૂર કરવી.

૩. મંડળીમાં ઉચાપત થયેલ હોય કે આર્થિક ગોટાળા થયેલ હોય તો તેના માટે જવાબદાર વ્યક્તિ પાસેથી તાત્કાલિક વસૂલાત લેવી અને તેવી વ્યક્તિને દૂર કરવી.

૪. થઈ ગયેલા ખોટા ધિરાણ વસૂલ લેવાં તાત્કાલિક જરૂરી પગલાં ભરવા તેમજ ધિરાણો બાબતે પૂરતી ચોકસાઈ રાખી પૂરી સિક્યોરિટી સામે જ ધિરાણ આપવા જોઈએ.

૫. ઓડિટ રીપોર્ટમાં આવેલ ક્ષતિઓ માટે જવાબદાર વ્યક્તિ સામે ચોક્કસ પગલાં લેવા, આર્થિક નુકસાન બાબતની ક્ષતિ હોય તો જવાબદાર પાસેથી વસૂલ લેવાની કાર્યવાહી કરવી જોઈએ.

૬. મંડળીની મિલકતો મંડળીના નાણા વિગેરેનો દુરુપયોગ થતો હોય તો ચોક્કસ પગલાં ભરવા જોઈએ, અને આવી બાબતોને રોકવી જોઈએ.

૭. મંડળીની વ્યવસ્થાપક કમિટીની મિટિંગ નિયમિત મળવી જોઈએ. દરેક સભ્યોએ હાજર રહી રસપૂર્વક ભાગ લેવો જોઈએ, દરેક લેવાયલ નિર્ણયોનો અમલ બરાબર લેવો જોઈએ.

૮. પ્રમુખ / કમિટી સભ્યો / મેનેજર / મંત્રીઓએ અને અન્ય સારી ચાલતી મંડળીની મુલાકાત લેતા રહેવી જોઈએ તેમની પાસેથી પ્રેરણા લઈને સારી બાબતો અપનાવવી જોઈએ.

૯. વ્યવસ્થાપક કમિટી અને મંત્રી / મેનેજર દ્વારા સંસ્થાની આગવી ઓળખ ઊભી કરી, સભાસદોનો પૂરો વિશ્વાસ સ્થાપિત કરી સભાસદો પાસેથી થાપણો મેળવી ઊંચા વ્યાજની લોન ઓછી કરતા રહેવું જોઈએ.

૧૦. વ્યવસ્થાપક કમિટી અને મંત્રી - મેનેજર દ્વારા સંસ્થાની આગવી ઓળખ ઊભી કરી પોતાના વચ્ચે સુમેળ, સંકલન અને સંસ્થાકીય સારા સંબંધો કાયમી રહેવા જોઈએ.

૧૧. રોજબરોજના કામકાજ માટે વહીવટી બાબતે મંત્રી / મેનેજર ઉપર દેખરેખ રહેવી જોઈએ.

૧૨. વસૂલાતની સઘન ઝુંબેશ ઉપાડી, કમિટીના દરેક સભ્યોએ પૂરતો રસ લઈ ઓળખાણ, સંબંધ, શરમ, કે કાનૂની રાહનો ઉપયોગ કરી વસૂલાત મેળવતા રહેવું જોઈએ.

૧૩. મંડળીના કામકાજ, વહીવટ અને સુવિધા બાબતે સભાસદો અને ગ્રાહકો પાસેથી પ્રતિભાવ સતત મેળવતા રહેવું જોઈએ અને તેમના સૂચનો મુજબ સુધારા-વધારા કરતા રહેવું જોઈએ.

૧૪. મંડળીનો વહીવટ પારદર્શક અને દરેક સભ્યોને સંતોષ થાય એવો હોવો જોઈએ.

૧૫. સભાસદોમાં એવું પુરવાર થવું જોઈએ કે હું મંડળીનો માલિક છું, અને ગ્રાહક છું. જેના માટે કમિટીના દરેક સભ્યોએ મંડળીના તમામ સભ્યો સાથે સતત સંપર્કમાં રહી સભાસદોનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ.

૧૬. સૌના માટે એક અને એક ના માટે સૌ છે તેવું પુરવાર કરવાની કુશળતા - આવડત અને ક્ષમતા પ્રમુખમાં હોવી જોઈએ.

૧૭. ધંધાકીય વિકાસનો અભિગમ અપનાવી સ્થાનિક શક્યતાઓ મુજબ કમિટીના બધા જ સભ્યોને વિશ્વાસમાં લઈ નવી કામગીરી ચાલુ કરવી જોઈએ.

૧૮. મંડળીનો ઓડિટ રીપોર્ટ વ્યવસ્થાપક કમિટી સમક્ષ મૂકવો જોઈએ, તેની ચર્ચા થવી જોઈએ, ક્ષતિઓ બાબતે ગંભીર નોંધ લેવાવી જોઈએ, ઓડિટ મુદ્દાઓની મંત્રી-મેનેજરે કમિટી સમક્ષ સ્પષ્ટતા કરવી જોઈએ.

૧૯. મંડળીની સાચી પરિસ્થિતિ સરવૈયું, નફા-નુકસાન ખાતું, વેપાર ખાતું અને અન્ય બાબતો કમિટી અને સામાન્ય સભા સમક્ષ મૂકવી જોઈએ.

૨૦. મંડળીની સામાન્ય સભા સમયસર બોલાવી વધુમાં વધુ સભ્યો હાજર રહે તે રીતે એડવાન્સમાં દરેક સભ્યોને જાણ કરવી જોઈએ, સાધારણ સભામાં દરેક સભ્યોને પોતાની રજૂઆત કરવાની તક આપવી જોઈએ, સભાસદોએ પણ કોઈ શેહમ-શરમ કે ધાક-ધમકી વગર પોતાની રજૂઆત કરવી જોઈએ.

વ્યક્તિ વિશેષ

# ગ્રામવિકાસના શિલ્પી ડૉ. એમ. એસ. સ્વામીનાથન

ભારતના ગ્રામવિકાસમાં પૂ. મહાત્મા ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર અને આચાર્ય વિનોબાજીએ આધ્યાત્મિકતા અને નૈતિકતાને આધાર બનાવીને હૃદયપરિવર્તન કરી લોકસમૂહને ગ્રામવિકાસ માટે પ્રશિક્ષિત કરવાનું ભગીરથ કાર્ય કરીને ગ્રામવિકાસ અર્થે જનમાનસ તૈયાર કર્યું. આઝાદી મળ્યા બાદ ભારતમાં ગ્રામવિકાસ માટે ડૉ. વી. કુરીયન, ડૉ. એમ.એસ.સ્વામીનાથન, બંકર રોય, વિનોય આચાર્ય, ઈલા ભટ્ટ, અનિલ અગ્રવાલ સહિતના અનેકોએ દૂધ ઉત્પાદન, અન્ન સ્વાવલંબન, પર્યાવરણીય બાબતો, મહિલા સશક્તિકરણ અને સામાજિક જવાબદારી અર્થે પોતાનું જ્ઞાન, આવડત સહિતનું સમગ્ર જીવન સમર્પિત કરીને પોતાના વિચાર, કાર્યને યોગ્ય રીતે જનસમૂહમાં પ્રસ્થાપિત કરવા જે પ્રયાસો કર્યા છે તે ભારતીય ગ્રામવિકાસમાં સુવર્ણઅક્ષરે આલેખાયેલ છે.

**મહેશ. સી. વાઘેલા**
મંગલભારતી ગ્રામવિદ્યાપીઠ
ગોલાગામડી, તા. સંખેડા
જિ. છોટાઉદેપુર - ૩૯૧૧૨૫
મો - ૭૯૨૭૬૬૫૦૨૧

ભારતને અન્નક્ષેત્રે આઝાદીના સમયે અન્નની જરૂરિયાત પૂર્ણ કરવા માટે વગદાર અમેરિકા પર નિર્ભર રહેવું પડતું હતું. ૧૯૬૬માં દેશના નવા બનેલા વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દિલ્હીમાં પુસા ઈન્સ્ટિટ્યૂટના એક કાર્યક્રમમાં સરકારી ખર્ચે એક ભારતીય કૃષિ વૈજ્ઞાનિક સાથે જઈ રહ્યા હતા. ઈન્દિરાજીના મનમાં અનાજનું ઓછું ઉત્પાદન અમેરિકાની રેકોર્ડ સાથેની રહેમમાંથી કેવી રીતે મુક્ત થવું તે અંગે વિચારો ચાલતા હતા. કારમાં પોતાની સાથે બેસેલા કૃષિ વૈજ્ઞાનિકને પૂછ્યું "શું તમે જેની વાત કરો છો તેવી રીંગણીની જાતો લાવીને આપણા બે વર્ષમાં એક કરોડ ટનથી વધુ અનાજ પેદા કરી શકાય?" યસ મેમ! આત્મવિશ્વાસપૂર્વકના જવાબે રાષ્ટ્રીય ઈચ્છાશક્તિને તૈયાર કરીને ભારતને અન્ન અંગે સ્વાવલંબી બનાવવા હરિયાળી ક્રાંતિનો પાયો નંખાયો. આ કૃષિ વૈજ્ઞાનિક ડૉ. એમ. એસ. સ્વામીનાથન હતા.

કેરળના ચીલાટપુઝાનાના માનકોમ્બુના મૂળવતની તામિલનાડુના મદ્રાસ પાસેના કુંભકોણમમાં જનરલ સર્જન એમ. કે. સંબાસિવન અને પાર્વતી થંગમ્મલને ત્યાં ૭ ઓગસ્ટ, ૧૯૨૫ના રોજ એમ.એસ. સ્વામીનાથનનો જન્મ થયો હતો. સ્થાનિક પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવીને કુંભકોણમની કેથોલિક લિટલ ફ્લાવર હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું. ૧૫ વર્ષની ઉંમરે મેટ્રિક પાસ થયા. માતા-પિતાની ઈચ્છાથી પ્રાણીશાસ્ત્ર સાથે સાથે કૃષિશાસ્ત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ૧૯૪૩-૪૪ના બંગાળના ભયાનક દુષ્કાળમાં ૩૦ લાખ લોકો ભૂખમરાથી મૃત્યુ પામે છે તે જાણકારી હૃદય કમ્પી ઉઠે છે અને પોતે કૃષિ વિજ્ઞાની બનવાનો દૃઢ સંકલ્પ કરે છે. તામિલનાડુ એગ્રીકલ્ચરલ યુનિ.માં કૃષિ વિજ્ઞાનમાં બેચલર ઓફ સાયન્સની પદવી મેળવી. ૧૯૪૭માં જિનેટિક્સ અને વનસ્પતિ સંવર્ધનનો અભ્યાસ કરવા નવી દિલ્હી સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થામાં જોડાયા. અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરીને યુનેસ્કો ફેલોશિપ મેળવીને નેધરલેન્ડની પ્રખ્યાત વાગેનિંગન યુનિ.માં વનસ્પતિશાસ્ત્રનો આગળ અભ્યાસ કર્યો. ૧૯૫૨માં કેમ્બ્રિજ યુનિ.માં પી.એચ.ડી કર્યું. વિસ્કોન્સિનમાં જનીન-શાસ્ત્રની પ્રયોગશાળા ઊભી કરવામાં નિમિત્ત બન્યા. ૧૯૫૪માં સ્વદેશ આવીને ઈન્ડિયન એગ્રીકલ્ચર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાયા. ૧૯૭૨ થી ૧૯૮૦ દરમિયાન ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચરલ રિસર્ચમાં કાર્યરત રહ્યા. ૧૯૮૨ થી ૧૯૮૮ સુધી વિશ્વના સૌથી મોટા ડાંગર સંશોધન કેન્દ્ર - ઈન્ટરનેશનલ રાઈસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર જનરલ તરીકે કામગીરી બજાવી. આ કામગીરીએ ડૉ. એમ.એસ. સ્વામીનાથનને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધિ અપાવી. વિસ્કોન્સિનમાં જનીનશાસ્ત્રની પ્રયોગશાળા, ઈટાલી ખાતે ઈન્ટરનેશનલ બોર્ડ ફોર પ્લાન્ટ જેનેટિક રિસોર્સિસ, કેન્યામાં ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઈન એગ્રો ફોરેસ્ટ્રી જેવી અનેક વૈશ્વિક સંસ્થાઓની સ્થાપના - વિકાસમાં મહત્વનું યોગદાન રહેલું છે. ચીન, વિયેતનામ, શ્રીલંકા, મ્યાનમાર, થાઈલેન્ડ, પાકિસ્તાન, ઈરાન અને કંબોડિયામાં કૃષિક્ષેત્રના વિવિધ સંશોધનોમાં માર્ગદર્શન ભૂમિકા ભજવીને ઉપયોગી બનેલ છે. ૧૯૮૭માં વિશ્વ ખાદ્ય પુરસ્કાર, ૧૯૬૭માં પદ્મશ્રી, ૧૯૭૧ મેગ્સેસ એવોર્ડ, ૧૯૭૨માં પદ્મભૂષણ, ૧૯૮૯માં પદ્મવિભૂષણ સહિતના ૩૩ ભારતીય અને ૩૨ વૈશ્વિક

સન્માનો, પુરસ્કારો મળેલ છે. દેશ અને વિદેશની ૮૪ યુનિવર્સિટીઓએ માનદ પી.એચ.ડી.ની પદવીથી નવાજેલ છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માન, પુરસ્કારમાંથી મળેલ ધનરાશિમાંથી ચેન્નાઈ ખાતે એમ.એસ.સ્વામીનાથન રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરીને કૃષિ-સંશોધન, ચિરંજીવી ખેતીની દિશામાં અનેક નવા સોપાનો પર કાર્યરત છે. ડૉ. એમ.એસ. સ્વામીનાથનને ૨૦૦૭માં રાજ્યસભાના સભ્ય, આયોજન પંચના સભ્ય તરીકે નિયુક્ત કરીને તેમની શક્તિ જ્ઞાન, આવડતનો વધુને વધુ લાભ લેવા આદર્શ પ્રયાસ થયેલ છે. ડૉ.એમ.એસ.સ્વામીનાથનના કાર્ય, વિચાર, યોગદાનની કદર કરીને ભારત સરકારે ૨૦૨૪માં દેશનું સર્વોચ્ચ સન્માન "ભારત રત્ન" પ્રદાન કરીને ગૌરવ આપ્યું છે.

૧૯૫૦માં કેમ્બ્રિજમાં પી.એચ.ડી કરતાં હતાં ત્યારે સહાધ્યાયી મીનાજી સાથે પરિચય થાય છે. ૧૯૫૧માં સહઅધ્યાયી મીનાજી સાથેનો પરિચય લગ્નમાં પરિણમે છે. સૌમ્યા સૌથી મોટી દીકરી - બાળ રોગ નિષ્ણાત - W.H.O માં મુખ્ય વિજ્ઞાની તરીકે કાર્યરત છે. મધુરા - બીજા નંબરની દીકરી દેશના જાણીતા અર્થશાસ્ત્રી તરીકે પ્રવૃત્ત છે. નિત્યા - ત્રીજી દીકરી મહિલા અને ગ્રામવિકાસ ક્ષેત્રે કાર્યરત છે. ડૉ. એમ.એસ. સ્વામીનાથન ૯૮ વર્ષની ઉંમરે શિક્ષક, સંશોધક, સંશોધન વ્યવસ્થાપક તરીકે પ્રવૃત્ત રહીને ૨૮ સપ્ટેમ્બર - ૨૦૨૩ ના રોજ દુનિયાને અલવિદા કહીને પરલોક તરફ પ્રયાણ કર્યું. ૧૯૯૮માં ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદ ખાતે અહિંસા શોધ ભવન - શાંતિ સંશોધન કેન્દ્ર ખાતે બે વ્યાખ્યાનો સાંભળવાનો મોકો મળ્યો હતો ત્યારે મૃદુભાષા, શાંતચિત્તે, એકાગ્રતાપૂર્ણ વિદ્યાર્થીની આંખમાં આંખ મિલાવીને વાત કરવાની રૂચિ, સહજતાનું સહજે સ્મરણ થઈ આવે છે. આ રીતે ડૉ. એમ.એસ. સ્વામીનાથનની જીવનયાત્રા હરિયાળી ક્રાંતિથી શરૂ કરીને સદાબહાર ક્રાંતિ સુધી ચાલે છે. ડૉ. એમ.એસ. સ્વામીનાથનને જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વંદન...

***મૃદુભાષા, શાંતચિત્તે, એકાગ્રતાપૂર્ણ વિદ્યાર્થીની આંખમાં આંખ મિલાવીને વાત કરવાની રૂચિ, સહજતાનું સહજે સ્મરણ થઈ આવે છે. આ રીતે ડૉ. એમ. એસ. સ્વામીનાથનની જીવનયાત્રા હરિયાળી ક્રાંતિથી શરૂ કરીને સદાબહાર ક્રાંતિ સુધી ચાલે છે. ડૉ. એમ. એસ. સ્વામીનાથનને જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વંદન...***

બોધકથા

# વિજય

જગદીશચંદ્ર બોઝ વિદેશમાંથી શિક્ષણ લઈ ભારત આવ્યાં. કોલકાતાની કોલેજમાં તેમને અધ્યાપકની નોકરી પર રાખવામાં આવ્યા. પરંતુ તેમને પગાર અડધો આપવાનું નક્કી થયું. અંગ્રેજી અધ્યાપકોને પૂરો પગાર આપવામાં આવતો હતો. આ અન્યાય હોવા છતાં તેઓ નોકરી પર રહ્યા. પરંતુ પગાર લેવાની ના પાડી દીધી.

ત્રણ વર્ષની ખરાબ સ્થિતિ પછી કોલેજના અંગ્રેજ હેડમાસ્તરને થયું કે જગદીશચંદ્ર બોઝ પ્રતિભાશાળી અધ્યાપક છે તેથી તેને પૂરો પગાર આપવો જોઇએ.

જગદીશચંદ્ર બોઝે જ્યારથી નોકરી શરૂ કરી હતી ત્યારથી જેટલો બાકી નીકળતો પગાર હતો તે બધો જ પગાર ચૂકવી દેવામાં આવ્યો.

આવી રીતે જગદીશચંદ્ર બોઝે અન્યાય વિરુદ્ધ સંઘર્ષ કરી છેવટે વિજય મેળવ્યો!

**હસમુખ રામદેપુત્રા**
૭૬, સેટેલાઈટ પાર્ક સોસાયટી,
સાધુ વાસવાણી રોડ, પાટીદાર ચોક પાસે,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
મો. ૯૮૭૯૪૮૫૬૬૭

# તંદુરસ્તી

દાદાભાઈ નવરોજીના જીવનનો એક પ્રસંગ છે. તેઓની ૮૬મી જન્મજયંતિ ઊજવાઈ રહી હતી. ત્યારે એક યુવાને તેમને પૂછયુંઃ ‘દાદાજી, આપ વૃદ્ધ હોવા છતાં આટલા તંદુરસ્ત કેમ છો ? શરીરને ટકાવી રાખવા માટે કયાં નિયમોનું પાલન કરવું જોઇએ ? અમને કંઇક બતાવો કે જેથી અમે પણ તમારી જેમ કાયમ તંદુરસ્ત રહી શકીએ.’

દાદાભાઈ એ તે યુવકને કહ્યુંઃ ‘ભાઈ, મે કોઈ આરોગ્ય-શાસ્ત્રનો અભ્યાસ નથી કર્યો. મે જીવનમાં કયારેય દારુ નથી પીધો. તમાકું કે માંસ નથી ખાધું. તીખા ગરમ મસાલા ખાધા નથી. ક્રોધ ઉત્પન્ન થાય તેવા વિચારો કર્યા નથી. સાદાઈથી જીવન જીવ્યો છું. વ્યસનોથી દૂર રહ્યો છું. આ શરીર અને તંદુરસ્તી ટકાવી રાખવા માટેની દવા છે.‘

આપણે પણ આ વાતનો સ્વીકાર કરી આગળ વધીએ.

★★★★

## 'સહકાર' પાક્ષિક અને 'ગ્રામસ્વરાજ' માસિકના જાહેરાતના દર

### તા. ૧-૧૦-૨૦૨૪ થી

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૬,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૨. અડધું પાન | ૪,૦૦૦/– | ૨૦,૦૦૦/– | ૪૦,૦૦૦/– | ૯૦,૦૦૦/– |
| ૩. પા પાના | ૩,૦૦૦/– | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૫,૦૦૦/– |
| ૪. શુભેચ્છા | ૨,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૮,૦૦૦/– | ૪૦,૦૦૦/– |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

**'સહકાર' વિશેષાંક : ૨૦૨૫ થી**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈટલ પાન – ૪ | ૪૦,૦૦૦/– |
| ૨. | ટાઈટલ પાન – ૨ / ૩ | ૨૫,૦૦૦/– |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૫,૦૦૦/– |
| ૪. | અંદરનું આખું પાન | ૭,૫૦૦/– |
| ૫. | અંદરનું અડધું પાન | ૫,૦૦૦/– |
| ૬. | અંદરનું પા પાન | ૩,૦૦૦/– |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

| 'ગ્રામસ્વરાજ' માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન – ૪ | ૫,૦૦૦/– | ૫૦,૦૦૦/– |
| ૨. ટાઈટલ પાન – ૨ / ૩ | ૪,૦૦૦/– | ૪૦,૦૦૦/– |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/– | ૨૦,૦૦૦/– |
| ૫. પા પાન | ૧,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૬. શુભેચ્છા | ૫૦૦/– | ૫,૦૦૦/– |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad Unaccountable L1 on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-10-2026)

## ૨ ઓક્ટોબર વિશ્વ અહિંસા દિવસ - ૨૦૨૬

# "અહિંસા એ માનવતાની સાચી શક્તિ છે; શાંતિ એ તેનું સુંદર પરિણામ છે."

### શાંતિ અને સંવાદને આગળ વધારવા - શાંતિ અને વિકાસના સાધન તરીકે અહિંસા

દર વર્ષે ૨ ઓક્ટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સંયુક્ત રાષ્ટ્ર (United Nations) દ્વારા આ દિવસ અહિંસા, સહનશીલતા અને શાંતિના સંદેશના પ્રસાર માટે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટેનો વિશ્વ અહિંસા દિવસ (International Day of Non-Violence)ની મુખ્ય વિષય વસ્તુ ''શાંતિ અને સંવાદને પ્રોત્સાહન'' (Advancing Peace and Dialogue / Non-Violence as a means to Peace and Development) છે.

અહિંસા એ માત્ર હિંસા ન કરવાનો વિચાર નથી, પરંતુ શાંતિ, પ્રેમ, કરુણા, સહિષ્ણુતા અને પરસ્પર સન્માનથી જીવન જીવવાની એક જીવનપદ્ધતિ છે. મહાત્મા ગાંધીજીએ અહિંસાને સત્ય સાથે જોડીને તેને સામાજિક પરિવર્તનનું શક્તિશાળી સાધન બનાવ્યું હતું. સત્ય અને અહિંસાના માર્ગે ચાલીને વિશ્વને બતાવ્યું કે સંવાદ અને શાંતિ દ્વારા પણ મોટા પરિવર્તનો લાવી શકાય છે. તેમના વિચારો આજે પણ સમગ્ર વિશ્વ માટે પ્રેરણારૂપ છે. આજના સમયમાં વિશ્વ અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. યુદ્ધ, આતંકવાદ, ધાર્મિક અને સામાજિક મતભેદો, દ્વેષ અને અસહિષ્ણુતા માનવજાતની શાંતિ માટે પડકારરૂપ છે. આવા સંજોગોમાં અહિંસાનો માર્ગ વધુ મહત્વનો બની જાય છે. અહિંસા આપણને શીખવે છે કે મતભેદોનો ઉકેલ સંવાદ, સમજણ અને સહકાર દ્વારા લાવી શકાય છે.

શાંતિ માત્ર યુદ્ધનો અભાવ નથી. સાચી શાંતિ ત્યારે સ્થાપિત થાય છે જ્યારે સમાજમાં દરેક વ્યક્તિને સન્માન, સમાનતા અને સુરક્ષા મળે. સહઅસ્તિત્વનો અર્થ છે કે વિવિધ ભાષા, ધર્મ, સંસ્કૃતિ અને વિચારો ધરાવતા લોકો એકબીજાના અસ્તિત્વનો સ્વીકાર કરીને સાથે મળીને આગળ વધે. ''વિવિધતામાં એકતા'' એ અહિંસક સમાજનું સુંદર ઉદાહરણ છે. અહિંસાની શરૂઆત આપણા પોતાના જીવનથી થાય છે. પરિવાર, શાળા, કાર્યસ્થળ અને સમાજમાં આપણે ક્રોધને બદલે સંવાદ, દ્વેષને બદલે પ્રેમ અને અસહમતિને બદલે સમજણ અપનાવીએ તો શાંતિપૂર્ણ વાતાવરણ ઊભું કરી શકીએ. સોશિયલ મીડિયા પર પણ અફવા, અપમાન અને દ્વેષ ફેલાવવાને બદલે જવાબદારીપૂર્વક વર્તવું જરૂરી છે.

વિશ્વ અહિંસા દિવસ આપણને યાદ અપાવે છે કે શાંતિની સ્થાપના માત્ર સરકારો કે સંસ્થાઓની જવાબદારી નથી; દરેક વ્યક્તિનું તેમાં યોગદાન છે. મહાત્મા ગાંધીજીના સત્ય અને અહિંસાના સંદેશને જીવનમાં ઉતારીને આપણે એવું સમાજ બનાવી શકીએ, જ્યાં પ્રેમ, શાંતિ અને સહઅસ્તિત્વને પ્રાથમિકતા મળે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza, B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat